જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૧૫-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પુલવામામાં સૌથી મોટો આતંકી હુમલો: ૪૪ જવાન શહિદ







ઈન્ટેલિજન્સ એજન્સીઓએ આપ્યું હતું એલર્ટ

અફઝલ ગુરુની વરસી એટલે કે ૮ ફેબ્રુઆરીએ ઈન્ટેલિજન્સ એજન્સીઓ દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. તેમાં આઈઈડી પ્લાન્ટનું એલર્ટ પણ આપવામાં આવ્યું હતું. આ એલર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં આતંકી સેનાના ડિપ્લોયમેન્ટ અને તેમના આવવા-જવાના રસ્તા પર આઈઈડીથી હુમલો કરી શકે છે. સેનાને એલર્ટ કરતાં ઈન્ટેલિજન્સ એજન્સીઓએ કહ્યું હતું કે, એરિયાને સેન્સિટાઈઝ કર્યા વગર તે વિસ્તારમાં ડ્યૂટી પર ન જવું. આ ઉપરાંત પુલવામા, શોપિયાં, કુલગામ અને શ્રીનગર જીલ્લામાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે અને એજંસીઓના અધિકારીઓ સ્થિતિ પર નજર રાખી રહ્યાં છે.

શ્રીનગર

જમ્મુકશ્મીરમાં વધુ એકવાર આતંકી આકાઓએ હાહાકાર મચાવ્યો છે. પુલવામાના અવંતિપુરા હાઈવે પર ગોરીપુરા વિસ્તારમાં પસાર થઈ રહેલી એક કારની અથડામણ સર્જી તેના દ્વારા આઈઈડી બ્લાસ્ટ કરી મોટો આતંકી હુમલો કરવામાં આવ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ આ હુમલામાં ૨૦ જવાન શહીદ થયાં છે. જ્યારે ૪૫ ઘાયલ થયાંની માહિતી મળી છે. આ આતંકી હુમલાની જવાબદારી જૈશ-એ-મોહમ્મદના સંગઠને લીધી.

આતંકીઓએ સીઆરપીએફના જવાનો ભરેલી બે બસને આ હુમલામાં ટાર્ગેટ કરવામાં આવી છે. બ્લાસ્ટ પહેલાં ગોળીબાર પણ કરવામાં આવ્યો હોવાના અહેવાલ મળી રહ્યાં છે. આ હુમલામાં મૃતક શહીદોની સંખ્યા વધવાની ભીતિ છે.

સીઆરપીએફ ઓફિશિયલે આ ઘટના અંગે જણાવ્યું હતું કે જમ્મુથી શ્રીનગર આવી રહેલી સીઆરપીએફના ૭૦ વાહનોનો કોન્વોય આવી રહ્યો હતો. જેમાં ૨૫૦૦ જેટલા જવાન આવી રહ્યાં હતાં. તેમાંથી એક બસને નિશાન બનાવવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હુમલા બાદ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવમાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સીઆરપીએફનો કાફલો જઈ રહ્યો હતો જેમાં સંખ્યાબંધ વાહનોમાં સીઆરપીએફના ૨૫૦૦થી વધારે જવાનો સવાર હતાં. જેમાંથી આતંકીઓએ સુરક્ષાબળોને એક જ ગાડીને નિશાન બનાવી હતી. સીઆરપીએફના સૂત્રોના જણાવ્યા પ્રમાણે રોડ પર એક વાહનમાં IED લગાવવામાં આવ્યું હતું. આ કાર હાઈવે પર જ ઉભી હતી. જેવા સીઆરપીએફના જવાનોનો કાફલો પસાર થયો તે દરમિયાન જ ભયાનક વિસ્ફોટ થયો હતો. હુમલા દરમિયાન ગોળીબાર કરવામાં આવ્યો હોવાના પણ અહેવાલ છે. ૨૦૧૬માં જમ્મુ-કાશ્મીરના ઉરી ખાતેના સૈન્ય કેમ્પ પર થયેલા હુમલા બાદનો આ સૌથી મોટો હુમલો માનવામાં આવે છે. ઉરી હુમલામાં સેનાના ૧૮ જવાનો શહીદ થયા હતાં.

આટલો મોટો આતંકી હુમલો છતાં વડાપ્રધાન-રક્ષામંત્રીએ ટ્વિટ પણ ન કર્યું..!?

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આટલો મોટો આતંકી હુમલો થયો છતાં વડાપ્રધાન કે રક્ષામંત્રીએ ટ્વિટ કરી દુઃખ પણ વ્યક્ત કર્યું ન હતું. પોતાની સરકારની અને પાર્ટીની સિધ્ધિઓના પ્રચાર માટે ટ્વિટ કરતાં દેશના વડાપ્રધાન-રક્ષામંત્રીને જવાનોની શહિદી માટે એક ટ્વિટ કરવાનો પણ સમય નથી..!?

વડાપ્રધાન બેંકોને કેમ નથી કહેતા કે મારી પાસેથી પૈસા વસૂલી લે : વિજય માલ્યા

ન્યુ દિલ્હી

ભારત પરત આવવાથી ડરી રહેલા ભાગેડૂ બિઝનેસમેન વિજય માલ્યાની બેચૈનીમાં સતત વધારો થઈ રહ્યો છે. માલ્યાએ ટ્વિટ કરીને કહ્યુ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેંકોને કેમ નથી કહેતા કે તેઓ મારી પાસેથી પૈસા લઈ લે. માલ્યાના જણાવ્યા પ્રમાણે તેણે સેટલમેન્ટની ઓફર આપી દીધી છે. ગુરુવારે સવારે માલ્યાએ પોતાના બચાવમાં વધુ એક ટ્વટિ કર્યુ છે.

નોંધનીય છે કે લોકસભામાં પીએમ મોદીએ નામ લીધા વગર માલ્યા પર હુમલો કર્યો હતો. લોકસભામાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવની ચર્ચા દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યુ હતુ કે 'જે લોકો દેશમાંથી ભાગી ગયા છે તેઓ ટ્વિટર પર રડી રહ્યા છે કે હું તો નવ હજાર કરોડ રૂપિયા લઈને નીકળ્યો હતો પરંતુ મોદીજીએ તો મારા ૧૩ હજાર કરોડ જમ કરી લીધા છે. માલ્યાએ પીએમ મોદીની આ જ વાતનો ટ્વિટ કરીને જવાબ આપ્યો હતો. માલ્યાએ લખ્યું કે, ×પીએમના છેલ્લા ભાષણ અંગે મને જાણ થઈ છે. તેઓ બહુ સારા વક્તા છે. તેમણે નામ લીધા વગર કહ્યું હતું કે એક વ્યક્તિ રૂ. નવ હજાર કરોડ લઈને ભાગી ગયો છે. તેમનો ઈશારો મારા તરફ હતો. હું ખૂબ જ આદર પૂર્વક પીએમ મોદીને પૂછવા માંગું છું કે તેઓ બેંકોને મારી પાસેથી પૈસા લઈ લેવાનું શા માટે નથી કહેતા. આનાથી પબ્લિક ફંડની રિકવરી થઈ જશે. મેં કર્ણાટક હાઈકોર્ટમાં પહેલા જ સેટેલમેન્ટની ઓફર આપી દીધી છે.×

ભારત-રશિયા વચ્ચે ૭.૪૭ લાખ એકે રાઈફલનો કરાર: અમેઠીમાં પ્લાન્ટ સ્થપાશે

ન્યુ દિલ્હી

૭૨,૪૦૦ અસૉલ્ટ રાઈફલોની ખરીદી માટે એક અમેરિકી કંપનીની સાથે કરાર પછી ભારત સરકારે રક્ષા ક્ષેત્રમાં એક વધુ મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે રશિયાની સાથે મળીને લગભગ ૭ લાખ ૪૭ હજાર કલાશ્નિકોવ રાઈફલોનાં નિર્માણનાં કરારનો નિર્ણય કર્યો છે. આ રાઈફલોને બનાવવા માટે પ્લાંટ ઉત્તર પ્રદેશનાં અમેઠીમાં લગાવવામાં આવશે. બંને દેશોની સરકાર વચ્ચે થનારા આ કરાર અંતર્ગત રૂસની કલાશ્નિકોવ કંસર્ન અને ભારતનું ઑર્ડિનેંસ ફેક્ટ્રી બૉર્ડ મળીને AK-47ની ત્રીજી પેઢીની રાઈફલો AK-203 તૈયાર કરશે. બંને દેશોની વચ્ચે આધિકારીક રીતે કરારની પ્રક્રિયા આ અઠવાડિયાનાં અંત સુધી થવાની સંભાવના છે, ત્યારે કરાર સાથે જોડાયેલી કિંમત, સમયસીમા જેવી અન્ય જાણકારીઓ સામે આવશે.

ઉલ્લેખનીય છે કે આ કરાર રક્ષા મંત્રાલયનાં એ પ્રસ્તાવ અંતર્ગત થઈ રહ્યો છે જેમાં મંત્રાલયે સાડા છ લાખ રાઈફલો ખરીદવા માટે અભિરૂચિ પત્ર માંગ્યા હતા. આ રાઈફલો સંપૂર્ણ રીતે 'મેક ઈન ઈન્ડિયા' પ્રોગ્રામ અંતર્ગત ભારતમાં જ બનાવવામાં આવશે. આ કરારથી ભારત સરકારની પોલિસી અંતર્ગત ઑર્ડિનેંસ ફેક્ટ્રી બૉર્ડની પાસે મેજોરિટી શેર ૫૦.૫ ટકા રહેશે, જ્યારે રશિયાની પાસે ૪૯.૫ ટકા રહેશે. આ અઠવાડિયે કેન્દ્ર સરકારે ૭૨,૪૦૦ અસૉલ્ટ રાઈફલોની ખરીદી માટે એક અમેરિકી કંપનીની સાથે કરાર કર્યો છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી

સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી

ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)

ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફી કરી અઢળક કમાઓ.

ઘનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો

Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદઅંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાકડાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મોટા કમિશનની લાલચના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડાયરેક્ટ હોપક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
આકીના ૧૭૫૦/- (સોટો જોડવી કપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
પેના માટે સાથે રાકડાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજ ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (સોટો જોડવી કપાવી)
આપનો કોડ ત્રીજ ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
પેના માટે સાથે રાકડાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ઘનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

જીલ્લાની તથા આંતર જીલ્લાની છ મો.સા ચોરીઓનો ભેદ ઉકેલતી બોટાદ એલ.સી.બી ટીમ



પોલીસ મહાનિરીક્ષકશ્રી નરસિમ્હા કોમાર ભાવનગર વિભાગ, ભાવનગરના ઓએ બોટાદ જીલ્લામા વાહનચોરીના વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અને આવા ગુન્હેગારો પકડી પાડી ચોરીમા ગયેલ મુદ્દામાલ રીકવર કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને બોટાદ પોલીસ અધીક્ષક શ્રી હર્ષદ મહેતા સાહેબનાઓની સુચનાથી પોલીસ ઈન્સપેકટર એલ.સી.બી શ્રી એચ.આર.ગોસ્વામીનાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી સ્ટાફ બરવાળા પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો બળદેવસિંહ ફતેસિંહ લીંબોલા તથા હે.કો રામદેવસિંહ દેવુભા મોરી ને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે સાળંગપુર ગામના પશવાભાઈ પટેલની વાડીએ બહારના રાજ્યમાંથી આવેલ ખેત મજુરો પાસે ચોરીના મોટર સાયકલ છે અને આ ખેત મજુરો તેમની વાડીએ હાજર છે. જે આધારે બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા જુદી જુદી કંપનીના કૂલ – ૦૬ મો.સા તથા કૂલ ૦૪ આરોપીઓ મળી આવેલ છે. જેમા ત્રણ મો.સા સાળંગપુર તા.બરવાળા જી. બોટાદ ખાતેથી તથા એક મો.સા ચોટીલા ડુંગર નીચેથી તથા એક મો.સા અમરેલી બસ સ્ટેન્ડ તથા સિવીલ હોસ્પીટલ વચ્ચેના રસ્તા ઉપર થી તથા એક મો.સા પોતાના વતન મધ્યપ્રદેશ ખાતેથી ચોરી કર્યા હોવાની કબુલાત આપેલ છે.

પકડાયેલ આરોપીઓના નામ સરનામાની વિગત

(૧) ઉકેશ મિથુનભાઈ મેડા જાતે-ભીલ ઉ.વ. ૧૯ રહે.મુળ બડીપોલ ગામ તા.ભાભરા જી. અલીરાજપુર રાજય-મધ્યપ્રદેશ હાલ રહે.સાળંગપુર પશવાભાઈ પટેલ ની વાડીએ તા.બરવાળા જી.બોટાદ (૨) રાકેશ નગીનભાઈ મેડા જાતે-ભીલ ઉ.વ. ૨૨ રહે.મુળ બડીપોલ ગામ તા.ભાભરા જી. અલીરાજપુર રાજય-મધ્યપ્રદેશ હાલ રહે. ચીતલ ખીજડીયા રેલ્વે સ્ટેશન તા.બાબરા જી.અમરેલી (૩) દિનેશ રમેશભાઈ માવી જાતે- ભીલ ઉ.વ.૨૦ રહે.મુળ બડીપોલ ગામ તા.ભાભરા જી. અલીરાજપુર રાજય-મધ્યપ્રદેશ હાલ રહે. દેરડી કુંભાજી ની તા.ગોંડલ (૪) મુકેશભાઈ નગીનભાઈ મેડા જાતે ભીલ ઉવ. ૧૯ રહે.મુળ બડીપોલ ગામ તા.ભાભરા જી. અલીરાજપુર રાજય-મધ્યપ્રદેશ હાલ રહે. સાળંગપુર ત્રીકમભાઈ પટેલ ની વાડીએ તા.જી. બોટાદ તેમજ તેમના કબ્જામાંથી

આરોપીઓ પાસેથી મળે આવેલ મોટર સાયકલની વિગત

(૧) મો.સા. હીરો HF ડીલક્ષ કાળા કલરનુ જેના ચેસીસ નંબર MBLHA 11ACE9C 08244 તથા એન્જીન નંબર HA11EGE9C09958 (૨) મો.સા હીરો HF ડીલક્ષ કાળા કલરનુ જેના ચેસીસ નંબર MBLHA11EWD આગળ વંચાતા નથી તથા એન્જીન નંબર HA11EFD 9H14179 (૩) મો.સા હીરો સ્પ્લેન્ડર કાળા કલરનુ જેના ચેસીસ નંબર MBLHA10AMEHH 90458 (૪) મો.સા હીરો સ્પ્લેન્ડર કાળા કલરનુ જેના ચેસીસ નંબર MBLHA10ASDHH00320 તથા એન્જીન નંબર HA10ELDHH00439 (૫) મો.સા સ્પ્લેન્ડર આઇ સ્માર્ટ લીલા રંગનુ જેના ચેસીસ નંબર MBLHA12EME9C 00762 તથા એન્જીન નંબર HA12EJE9B09011 (૬) મો.સા સ્પ્લેન્ડર હીરો HF ડીલક્ષ સિલ્વર કલરનુ જેના ચેસીસ નંબર MBLHA11ATF9E0 7216 તથા એન્જીન નંબર HA11EJF9E01475

આ કામગીરીમા સામેલ અધીકારી/કર્મચારીની ટીમ-

આ કામગીરીમા પોલ્વીસ અધીક્ષકશ્રી હર્ષદ મહેતા સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન મુજબ એલ.સી.બી શાખાના પો.ઈન્સશ્રી એચ.આર. ગોસ્વામી સાહેબ તથા સટાફના એ.એસ.આઇ ડી.એમ.ત્રીવેદી તથા હેડ.કોન્સ લક્ષ્મણદેવસિંહ, ભગવાનભાઈ, જીજ્ઞેશ ભાઈ, પ્રવીણસિંહ, રામદેવસિંહ, વનરાજભાઈ, તથા પો.કોન્સ બળદેવસિંહ, કીપાલસિંહ, પુરવભાઈ, કનકસિંહ વિ. એ કરેલ છે.



રાપર તાલુકા આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા લખાયા મુખ્યમંત્રી ને પત્ર

ગુજરાત રાજય ના ૩૫ હજાર આરોગ્ય કર્મચારીઓ પગાર વિસંગતતા દુર કરવા અને આરોગ્ય ની દરેક પોસ્ટ ને ટેકનીકલ પોસ્ટ ગણી ને ગ્રેડ પે મા સુધારો કરવા તેમજ અન્ય પડતર પ્રશ્નો લઈ ને ૧૫ તારીખ થી અચોક્કસ મુદત ની હડતાળ મા જવા ના છે ત્યારે કચ્છ અને રાપર તાલુકા ના તમામ આરોગ્ય કર્મચારીઓ પણ જોડાવા ના છે અને સાથે સાથે ગુજરાત ના ૩૫ હજાર આરોગ્ય કર્મચારીઓ મુખ્યમંત્રી ને પત્ર લખી ને આ પગાર વિસંગતતા દુર કરવા તેમજ આરોગ્ય કર્મચારીઓ ના પ્રશ્નો હલ કરવા પત્ર લખવા મા આવ્યા છે ત્યારે રાપર તાલુકાના તમામ કર્મચારીઓ એ પત્ર લખ્યા છે અને ગુજરાત આરોગ્ય મહાસંઘ ની સાથે કચ્છ જીલ્લો અને રાપર તાલુકો પણ જોડાશે એવુ આરોગ્ય કર્મચારી મંડળ રાપર ના પ્રમુખ વીરાભાઈ જે આહીર અને ૩૫ પ્રમુખ યોગેશભાઈ સોઢા ની યાદી મા જણાવ્યું છે

મોરબીમાં ગરીબ બાળકોએ મોંઘી કારમાં જોય રાઈડની મોજ માણી



વાત્સલ્ય ડે તરીકે ઉજવણી કરી બાળકોને કરાવી જોય રાઈડ

આજે વેલેન્ટાઈન ડેના દિવસે યુવા હૈયાઓમાં અનેરો જોશ અને ઉત્સાહ વર્તાઈ રહ્યો છે ત્યારે મોરબીની સંસ્થાઓ અને ઉદ્યોગપતિ યુવાનોએ વેલેન્ટાઈન ડેને વાત્સલ્ય ડે તરીકે ઉજવ્યો હતો જેમાં ઉદ્યોગપતિ યુવાનોએ પોતાની બીએમડબલ્યુ, ઓડી, મર્સિડીઝ જેવી મોંઘીઘાટ કારમાં સરકારી પ્રાથમિક શાળાના ગરીબ બાળકોને જોય રાઈડ કરાવી હતી

લક્ઝરી કારોમાં બેસવાનું જે સામાન્ય પરિવારના બાળકોનું સ્વપ્ન હોય છે તેવી મોંઘીઘાટ કારમાં બાળકોને શહેરભર માં ફેરવ્યા હતા બાળકોના ચહેરા પર સ્મિત લાવવાના અનેરા કાર્યક્રમમાં મોરબી જીલ્લા એસપી ડો. કરનરાજ વાઘેલા, અધિક કલેકટર કેતનભાઈ જોષી, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુરભાઈ પારેખ, પાલિકા પ્રમુખ કેતનભાઈ વિલપરા અને દેવેનભાઈ રબારી સહિતના અગ્રણીઓએ લીલી ઝંડી બતાવી જોય રાઈડને પ્રસ્થાન કરાવ્યું હતું તો મોરબીના ઉદ્યોગપતિ યુવાનોએ બાળકોને શહેર આખામાં લાંબી ચક્કર મરાવી હતી તો જોય રાઈડ દરમિયાન બાળકોને ખુબ મજા કરી હતી અને બુમો લગાવી પોતાની ખુશી વ્યક્ત કરી હતી જોય રાઈડ સંપન્ન થયા બાદ બાળકોને ભાવતા ભોજનીયા કરાવી મોરબીના યુવાનો અને સંસ્થાઓએ વેલેન્ટાઈન ડેની પ્રેરણાદાયી ઉજવણી કરી હતી

હળવદ જય જવેલર્સમાંથી ૮૨હજાર રૂપિયાના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ લઈ ગઠીયો ફરાર



મેઈન બજારમાં ધોળા દિવસે ૭૦ હજારના દાગીના અને ૧૨ હજાર રોકડા ભરેલા બે થેલા ગઠીયો લઈને ફરાર થઈ જતા વેપારીઓમાં ફફડાટ, હળવદ પોલીસની ધાક નો નમુનો

હળવદ પંથકમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો-વ્યવસ્થા સાવ કથળેલી સ્થિતિ માં જોવા મળે છે અસામાજિક તત્વોને મોકળું મેદાન મળ્યું હોય તેઓ ધાટ જોવા મળે છે ત્યારે હળવદ પંથકમાં પોલીસની ધાક નો વધુ એક નમૂનો આજે હળવદ મેન બજાર માં જય જવેલર્સ નામની દુકાનમાંથી સવારના ૧૦ થી ૧૧ વાગ્યાની આજુબાજુ એ દુકાનમાંથી બે થેલા લઈને ફરાર થઈ જતા વેપારી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે આ બાબતે જય જવેલર્સે ના ભરતભાઈ સોની જણાવ્યું હતું કે સવારે ૧૦ થી ૧૧ વાગ્યાની આજુબાજુ પોતાના ઘરેથી બે થેલા સોના ચાંદીના જુદા જુદા દાગીના ચેન બુટી, માછલી, ઝાંઝરા, નજરીયા, સોનાના ઓમ, વગેરે જેની અદાજીત કિંમત ૭૦ હજાર અને બાર હજાર રોકડા બે થેલા હતા જે દુકાનમાં મૂકીને દુકાન બંધ કરી સામે આવેલ સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા જતા કોઈ અજાણ્યો ગઠીયો દુકાન ખોલીને ભરબજારે બે થેલા લઈ ને રફુચક્કર થઈ ગયો હતો મંદિરેથી આવીને જતો મુકેલા થેલા ગુમ જણાતા થતાં પોલીસને જાણ કરી હતી મુખ્ય બજારમાંથી ધોળા દિવસે ચોરી થતાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે કાયદો વ્યવસ્થા કથરેલ હાલતમા છે વેપારીઓ જણાવી રહ્યા છે શું ધોળઆ દિવસે ચોરી કરનારને પકડીને હળવદ પોલીસ પોતાની આબરૂ બચાવી શકશે તેવા પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે આવા તત્વોને મોકળું મેદાન મળ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે,ધોડા છુટી ગયા બાદ તબેલે તાળા મારાવા જેવો ઘાટ સજાયો છે



*હળવદના બ્રાહ્મણી ડેમમાં મંગળવારે બપોરે એક વૃદ્ધે ઝંપલાવ્યા બાદ તેની સ્થાનિક તરવૈયાઓ દ્વારા શોધખોળ છતાં કોઈ પત્તો ના લાગતા !એનડીઆરએફ ટીમના ૩૩તરવયા મદદ લેવામાં આવી અને **NDRF** ટીમ દ્વારા સઘન સર્ચ અભિયાન ચલુ મુતદહે મોડી સાંજ સુધી મળ્યો નથી*

બ્રહ્મણી ડેમમાં એક વૃધ્ધે ઝંપલાવ્યું

અત્યંત આધુનીક કેમેરાની મદદ તેમજ ભારે જહેમત બાદ પણ મૃતદેહ ન મળ્યો

હળવદ તાલુકાના બ્રાહ્મણી નદી પર આવેલ સુંદરગઢ ગામ પાસેના બ્રાહ્મણી ૨ ડેમ પુલ પર તારીખ ૧૨ના રોજ બપોરના ૧ વાગ્યા ની આજુબાજુ એ ચરાડવા ગામના રહેવાસી જેરામભાઈ રવજીભાઈ ચૌહાણે ઝંપલાવ્યું હતું અને સ્થાનિકોને જાણ થતા શોધખોળ કરવામાં આવી હતી જોકે વૃદ્ધનો કોઈ પત્તો લાગ્યો ના હતો અને આ મામલે તંત્રને જાણ કરવામાં આવી હતી અને જીલ્લા અધિક કલેકટર દ્વારા બુધવારે એનડીઆરએફ ટીમને પત્ર પાઠવ્યા બાદ રાત્રીના ટીમ આવી પહોંચી હતી

અને ગુરુવારે સવારથી એનડીઆરએફ ટીમ તપાસ ચલાવી રહી છે સ્થળ પર મામલતદાર વી કે સોલંકી, નાયબ મામલતદાર બી એન કણઝારીયા, જેરામભાઈ સોનગ્રા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત છે દ્વઢઈદ્ધ ટીમના ઈન્સ્પેકટર સૂર્યકાંતકુમાર, સબ ઈન્સ્પેકટર પવનકુમાર શુક્લ, એસઆઈ ઈન્જીનીયર ધરમપાલ, તેમજ હવાલદાર સંજયકુમાર અને પરમાર ભીમસિંહ ૩૩ જણાનો સ્ટાફ દ્વારા આધુનિક કેમેરાની મદદથી સર્ચ અભિયાન ચલાવવામાં આવીયુ અને શોધખોળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી પરંતુ પાણીની સપાટી ઊંડી હોવાથી મૃતદેહ મળેવા ભારે મુશ્કેલી પડી રહી છે અને એનડીઆરએફ ટીમની ભારે જહેમત ઉઠાવી રહયા . જોકે ઘટનાને ૪૮ કલાકથી વધુ સમય વીતી ગયો હોવાથી ભારે મુસીબતમાં નો સામન નો કરવો પડીયો હતો ભારે જહેમત બાદ પણ મુતદહે ને સોધી શકાયો નથી લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા હતા, સોધવા માટે ભારે જહેમત ઉઠાવી હતી

આજે ધોરાજી ખાતે ભાજપનું ક્લસ્ટર સંમેલન

ધોરાજી

કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટીની યોજના મુજબ લોકસભાની આગામી ચૂંટણીના સંદર્ભમાં લોકસભાના કલસ્ટર પ્રમાણે ગુજરાતના તમામ જિલ્લાઓમાં સંમેલનોના આયોજનોના ભાગરૂપે રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા જામનગર, પોરબંદર અને જૂનાગઢ લોકસભાનું સરસ્વતી વિદ્યાલય, ભૂતવડ પાટિયા પાસે, જેતપુર રોડ, ધોરાજી ખાતે તા.૧૫ ફેબ્રુઆરી, શુક્રવારના રોજ રાખવામાં આવેલ છે તેમ રાજકોટ જિલ્લા ભાજપના અધ્યક્ષ ડી.કે. સખિયા તેમજ મહામંત્રીઓ ભાનુભાઈ મેતા, જયંતીભાઈ ઢોલ, ડો.ભરતભાઈ બોઘરાની સંયુકત યાદીમાં જણાવે છે.

આ કલસ્ટર સંમેલન ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષસ્થાને તેમજ આ બેઠકમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા ગુજરાત ચૂંટણી પ્રભારી ઓમ માથુર, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અથ કેન્દ્રીયમંત્રી પરસોતમભાઈ રૂપાલા, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા તેમજ પ્રદેશ મહામંત્રી મનસુખભાઈ માંડવિયા અને ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહી આવનારી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠકો જીતવા અંગેની રણનીતિ ઘડવા અંગેનું માર્ગદર્શન આપશે.

ઉપરોકત કલસ્ટર સંમેલનમાં લોકસભા સીટના પ્રભારી, ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જ, સંપૂર્ણ લોકસભા સીટની જવાબદારી નિભાવતા લોકસભા સીટના વિસ્તારક, બૃહદ સંકલન સમિતિના સભ્યો, મંડલની ઉપરના તમામ પદાધિકારીઓ અને પ્રદેશ કારોબારી સભ્યો, મંડલના પદાધિકારીઓ, મંડલમાં ચૂંટણી લડેલા ઉમેદવારો ઉપસ્થિત રહેશે.

સફાઈ કામદારોનું હલ્લાબોલ, લોહી કાઢી બોટલ ભરી વિરોધ પ્રદર્શન

રાજકોટ

રાજકોટમાં છેલ્લા ૨૫ વર્ષથી સફાઇ કામદારોની ભરતી કરવામાં આવી નથી. તેમજ વિવિધ પ્રશ્નોને લઈને સફાઇ કામદારો છેલ્લા બે દિવસથી કોર્પોરેશનમાં છાવણી નાખી વિરોધ કરી રહ્યા છે. ગુરૂવારે સફાઇ કામદારોએ રેલી કાઢી પોતાનું લોહી કાઢી બોટલ મનપા કમિશનર બંછાનિધી પાનીને આપવા હલ્લાબોલ કર્યું હતું. કમિશનર પાસે મળવા માટે ૩૦ મિનિટનો સમય માંગ્યો હતો. જો નહીં મળે તો કમિશનરના બંગલે અને સીએમના બંગલે જવાની ચિમકી ઉચ્ચારી છે.

સફાઇ કામદારો આજે ફરજથી અળગા રહેશે અને વિરોધ કરશે. વાલ્મિકી સમાજના આગેવાને જણાવ્યું હતું કે, જો પાની સાહેબ આજની તારીખમાં બહાર નહીં આવે અથવા તો અંદર નહીં બોલાવે તો અમે બધા લોહીની બોટલ સાથે તેના બંગલે જઈશું બાદમાં સીએમના બંગલે જઈશું.

આર્થિક ભીંસના કારણે વધુ એક ખેડૂતનો ઝેરી દવા પી આપઘાત

અમરેલી

લાઠી તાલુકાના તાજપર ગામે નાથાભાઈ ખોડાભાઈ બારડ નામના ખેડૂતે આર્થિક ભીંસના કારણે પોતાની વાડીએ ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે ભાવનગરની સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજતા પુત્ર વનરાજભાઈ બારડે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. નાથાભાઈ ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા હતા. આ વર્ષે અમરેલી જિલ્લામાં નહીંવત વરસાદને કારણે ખેતીમાં પણ ઉપજ આવી નહોતી. આથી દેવું વધી જતા નાથાભાઈએ આ પગલું ભર્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શશિ થરુર ભાઈ તો લવ ગુરુ છેઃ અબ્બાસ નકવી

શશિ થરુરે સંઘ પર પ્રહાર કરી વેલેન્ટાઈન-ડેને કામદેવ દિવસ ગણાવ્યો

ન્યુ દિલ્હી

આજે સમગ્ર દુનિયા વેલેન્ટાઈન દિવસ ઉજવી રહી છે. આ દરમિયાન ઘણી જગ્યાએ પ્રેમી પંખીડાઓ પણ જોવા મળશે જેમને બજરંગ દળ દ્વારા ધમકી આપવામાં આવી છે. બજરંગ દળની આ ધમકીને આધારે કોંગ્રેસના સીનિયર નેતા શશિ થરુરે સંઘ પર આકરા પ્રહાર કરીને વેલેન્ટાઈન-ડેને કામદેવ દિવસ ગણાવ્યો છે. કોંગ્રેસ નેતા શશિ થરુરે વેલેન્ટાઈન-ડે પર પ્રેમી પંખીડાઓને સલાહ આપતી એક ટ્વિટ કરી છે. થરુરે ટ્વિટ કર્યું છે કે, હેપ્પી વેલેન્ટાઈન-ડે. જો સંઘ પરિવારનું કોઈ ટોળું તમને તમારા મિત્ર સાથે બહાર હોવાથી ધમકી આપે છે તો તેમને કહેજો કે, તમે કામદેવની પ્રાચીન ભારતીય પરંપરા સેલિબ્રેટ કરી રહ્યાં છો. આ ટ્વિટ સાથે તેમણે એક તસવીર પણ શેર કરી છે. થરુરના આ નિવેદનના જવાબમાં મુખ્તાર અબ્બાસ નકવીએ ટ્વિટ કરીને વળતો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું છે કે, શશિ થરુર ભાઈ તો લવ ગુરુ છે. જો કોઈ વેલેન્ટાઈન-ડેનો વિરોધ કરશ તો લવ ગુરુ તો તેનો વિરોધ કરશે જ ને. નોંધનીય છે કે, ઘણાં સંગઠનો વેલેન્ટાઈન-ડે સેલિબ્રેશનનો વિરોધ કરતાં હોય છે.

ત્રણ સીટ વાળી ભાજપ પાસે તમામ સત્તા, આ કેવું લોકતંત્રઃ કેજરીવાલ

આ ચુકાદા બાદ અરવિંદ કેજકીવાલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આ કેવું લોકતંત્ર છે, જયાં માત્ર ૩ સીટ વાળી ભાજપ પાસે તમામ સત્તા છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું, "આજે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો છે. આ ચુકાદો ખૂબ જ દુઃખદ છે અને દિલ્હીના નાગરિકો માટે અન્યાય છે. અમે સુપ્રીમ કોર્ટનો આદર કરીએ છીએ પરંતુ આ ચુકાદો અન્યાય છે.

કેજરીવાલે વધુમાં જણાવ્યું, "આ કેવો ન્યાયન કે જો કોઈ અધિકારી કામ ન કરે તો ૭૦માંથી ૬૭ સીટ ધરાવતી સરકાર તેની બદલી કરી શકે નહીં. રાજયમાં ૩ સીટ વાળી ભાજપ પાસે તમામ સત્તાત આ કેવું લોકતંત્ર છે. જો અમારે ફાઇલ ક્લિયર કરવા માટે એલજી ઑફિસમાં આંદોલન કરવું પડે તો તેનો શું અર્થ. આ લોકસભાની ચૂંટણીમાં તમે પીએમની પસંદગી માટે નહીં પરંતુ દિલ્હીની સ્વાયતત્તા માટે વોટ આપજો.

હાલમાં કંપની દર વર્ષે ૧૧ વિમાન તૈયાર કરી શકે છે

કેગનો સંકેતઃ રાફેલની ડિલીવરી પૂરી થતા સાત વર્ષ લાગશે..!!

ન્યુ દિલ્હી

કેગની અહેવાલમાંથી એવા સંકેત મળી રહ્યાં છે કે રાફેલ વિમાનની ડિલવરી માટે ફ્રાંસની કંપની સાત વર્ષથી પણ વધારે સમય લઈ શકે છે. ભારતે ફ્રાંસની દસૉ કંપનીને ૩૬ વિમાનનો ઑર્ડર આપેલો છે. યુપીએ સરકાર વખતે જે ડીલ સાઈન થઈ હતી તેમાં અને અત્યારની ડીલમાં ફક્ત એક જ મહિનાનો સુધારો થયો છે. જોકે, રફાલ પર વાતચીત શરૂ થઈ ત્યારથીજ ભારતે એ ચિંતા વ્યક્ત કરી હતી કે ભારતને ક્યારે તેની ડિલીવરી મળશે. ફ્રાંસ સાથે જ્યારે સોદો થયો ત્યારે જ આ વિમાન તૈયાર કંપની દસૉ પાસે ૮૩ રફાલ તૈયાર કરવાનો કોન્ટ્રાક્ટ નહોતો. હાલમાં આ કંપની દર વર્ષે માત્ર ૧૧ રફાલ તૈયાર કરી શકે છે. સ આ હિસાબે ભારતને રફાલના ૩૬ વિમાન મળતા લગભગ ૭ વર્ષનો સમય થશે. કેગે ડિલીવરીના સમય વિશે જ્યારે સંરક્ષણ મંત્રાલયને પૂછ્યું ત્યારે મંત્રાલયે જવાબમાં વાતચીત ચાલુ હોવાનો જવાબ આપ્યો હતો. જોકે, ભારત સરકાર અને દસૉ વચ્ચેની વાતીચીત જાહેર કરવામાં આવી નથી. જો દસૉ સમયસર રફાલની ડિલીવરી કરી શકે નહીં તો દંડની જોગવાઈ છે કે નહીં તે પણ એક વણઉકેલ્યો સવાલ છે. વર્ષ ૨૦૦૭માં જે ક્લૉઝ સોદા માટે નક્કી કરાયા હતા તેની નવા સોદામાં બાદબાકી કરાતા દંડની જોગવાઈનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. જોકે, રાફેલ વાટાઘાટાની આગેવાની કરી રહેલા એયર માર્શલ એસબીપી સિન્હાએ જણાવ્યુ હતું કે ભારતને ડિલીવરી માટે નક્કી કરાયેલી સમય મર્યાદાના સાત મહિના પહેલાં રાફેલની ડિલીવરી મળી જશે.

સેવાના મુદ્દે સુપ્રીમ કોર્ટના બે જજોમાં મતભેદથી મામલો લાર્જર બેન્ચ સમક્ષ મોકલાયો

સુપ્રીમ કોર્ટનો કેજરીવાલ સરકારને ઝટકો, એસીબી કેન્દ્ર પાસે રહેશે

ન્યુ દિલ્હી

દિલ્હી સરકાર વિરુદ્ધ ઉપરાજ્યપાલના કેસમાં સુપ્રીમ કોર્ટે કેજરીવાલ સરકારને ઝટકો આપતા એન્ટિ કરપ્શન બ્યૂરો કેન્દ્ર હસ્તક રાખવા આદેશ આપ્યો છે. જો કે દિલ્હી ક્ષેત્રમાં સેવાઓ પર નિયંત્રણ કોની પાસે રહેશે તેના પર સુપ્રીમ કોર્ટમાં બે જજોમાં મતભેદ જોવા મળ્યો હતો. આ મામલે બે જજોનો અલગ અલગ મત હોવાથી કેસ હવે લાર્જર બેન્ચ સમક્ષ મોકલવામાં આવ્યો છે. આ ઉપરાંત બે જજોની બેન્ચ એસીપી, રેવન્યૂ, તપાસ આયોગ અને પબ્લિક પ્રોસિક્યુટરની નિયુક્તી મુદ્દે સહમત થયા હતા

સુપ્રીમ કોર્ટે કેન્દ્રના એ જાહેરનામાને યથાવત્ રાખ્યું જેમાં દિલ્હી સરકારની એસીબી ભ્રષ્ટાચારના કેસમાં કેન્દ્રના કર્મચારીઓની તપાસ કરી શકશે નહિ. એન્ટિ-કરપ્શન બ્રાન્ચ કેન્દ્રની હેઠળમાં રહેશે કારણ કે પોલીસ સેવા કેન્દ્ર હેઠળ આવે છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે તપાસ આયોગ નિયુક્ત કરવાનો અધિકાર કેન્દ્ર પાસે રહેશે. ચુકાદામાં સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યૂટરની નિમણૂકનો અધિકાર દિલ્હી સરકાર પાસે રહેશે તેમ જણાવાયું છે. રેવન્યૂ પર એલજીની સહમતિ લેવી પડશે. વીજળી મુદ્દે ડાયરેક્ટરની નિમણૂકના અધિકાર મુખ્યમંત્રી પાસે રહેશે. જસ્ટિસ એ કે સીકરીએ પોતાના ચુકાદામાં જણાવ્યું કે ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ અધિકારીઓની બદલી તેમજ નિમણૂક કેન્દ્ર સરકાર કરશે જ્યારે ગ્રેડ-૩ તેમજ ગ્રેડ-૪ની નિમણૂક અને બદલી દિલ્હી સરકાર હસ્તગત રહેશે. જો કોઈ મતભેદ થાય છે તો મુદ્દો રાષ્ટ્રપતિ સમક્ષ જશે. બે જજોની બેન્ચમાં રહેલા અન્ય જજ અશોક ભૂષણે જણાવ્યું કે સેવા કેન્દ્ર પાસે રહેશે. આ રીતે બન્ને જજોમાં મતભેદ જણાતા મામલો લાર્જર બેન્ચ સમક્ષ રીફર કરાયો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં જણાવાયું છે કે જમાન સંલગ્ન મામલાઓ પર દિલ્હી સરકારનું નિયંત્રણ રહેશે. જેને પગલે દિલ્હી સરકાર જમીનોના રેટ તેમજ વળતરની રકમ નક્કી કરી શકે છે.

દરેક લોકો બૂથ સ્તર સુધી આ નંબરથી દસ-દસ લોકોને જોડશે

પ્રિયંકા ગાંધીએ કાર્યકર્તાઓને આપ્યો વૉટ્સએપ નંબર, સમજાવ્યો 'ચૌપાલ પ્લાન'

લખનઉ

કોંગ્રેસ મહાસચિવ અને પૂર્વી ઉત્તર પ્રદેશના પ્રભારી પ્રિયંકા ગાંધીએ બુધવારે ૧૩ લોકસભા ક્ષેત્રોના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે મેરાથન બેઠક કરી. યૂરીમાં નબળા સંગઠનને ભેગા કરવામાં લાગેલી પ્રિયંકા ગાંધીએ 'ચૌપાલ'નો રસ્તો પસંદ કર્યો છે. મતદાતાઓનો ઉત્સાહ વધારવા માટે પ્રિયંકા ગાંધીએ કાર્યકર્તાઓને એક નંબર આપ્યો છે, જેને ફોનમાં 'ચૌપાલ' નામથી સેવ કરવા માટે કહ્યું છે. કાર્યકર્તાઓને એવું પણ કહેવામાં આવ્યું છે કે દરેક લોકો બૂથ સ્તર સુધી આ નંબરથી દસ-દસ લોકોને જોડે. આ નંબરથી વોટ્સએપ પર લોકોને જાણકારી આપવામાં આવશે.

નોંધનીય છે કે અમેઠી અને રાયબરેલી ચૌપાલના નામથી કોંગ્રેસે એક કાર્યક્રમ કાર્યકર્તાઓ માટે શરૂ કર્યો હતો. કોંગ્રેસ એની પર પોતાના આવનારા કાર્યક્રમોની જાણકારી ઉપરાંત ગંભીર સમસ્યાઓ પર પોતાના વિચાર શેર કરતી રહી છે. પરંતુ કોંગ્રેસ હવે એનો વિસ્તાર કરવા જઇ રહી છે. એને અન્ય જિલ્લામાં પણ લઇ જવામાં આવશે. વાસ્તવમાં પ્રિયંકા અને સિંધિયાએ કાર્યકર્તાઓને એમની ભૂમિકાને સમજાવતા કહ્યું કે કોઇ પણ રાજકીય દળનું કરોડરજ્જુ એનો કાર્યકર્તા હોય છે. હાલ પૂરું ફોકસ કાર્યકર્તાઓ પર આપવામાં આવી રહ્યું છે.

આ દરમિયાન કાર્યકર્તાઓએ પણ પ્રિયંકા ગાંધીને કહ્યું કે સારું પરિણામ ત્યારે જ મળશે જયારે પક્ષપલટુંઓને ટીકિટ આપવામાં આવે નહીં. આ દરમિયાન કેટલાક કાર્યકર્તાઓએ સ્થાનિક સ્તર પર સંગઠનની ફરિયાદ પણ કરી. એની પર પ્રિયંકાએ કહ્યું કે લોકસભા ચૂંટણીમાં હવે એક દોઢ મહિનો બચ્યો છે. એવામાં સ્થાનિય સ્તર પર ફેરફાર કરવો શક્ય નથી.

રામ ફક્ત હિંદુઓનાં નહીં, પરંતુ સંપૂર્ણ દુનિયાનાં ભગવાનઃ ફારૂક અબ્દુલ્લા

ન્યુ દિલ્હી

દક્ષિણપંથ પર પ્રહાર કરતા નેશનલ કૉન્ફ્રેંસનાં નેતા ફારૂક અબ્દુલ્લાએ બુધવારે પુછ્યું કે શું રામ ફક્ત હિંદુઓનાં ભગવાન છે? અને એ વાત પર ભાર આપ્યો કે બધા ધર્મનાં લોકોને દેશમાં સમ્માન સાથે જીવવાનો અધિકાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપા અધ્યક્ષ અમિત શાહને આગામી લોકસભા ચૂંટણીમાં હરાવવા જોઈએ, કેમકે લોકતંત્ર અને સંવૈધાનિક મૂલ્યો માટે ખતરો છે. જમ્મૂ-કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે, "જ્યાં સુધી આપણા દિલ સાફ નહીં થાય ત્યાં સુધી તેમને સરળતાથી હટાવી શકાશે નહીં. જો દેશને બચાવવો છે તો આપણે પહેલા કુરબાની આપવાની જરૂર છે અને આવું દેશ માટે કરો, ના કે ખુરશી માટે." અબદુલ્લાએ કહ્યું કે, "આજે આપણે ધાર્મિક આધાર પર હિંદુઓ અને મુસલમાનોમાં વહેંચાયેલા છીએ. હું હિંદુઓને પુછવા માંગુ છું કે શું રામ ફક્ત તમારા રામ છે? આ પવિત્ર ગ્રંથોમાં લખવામાં આવ્યું છે કે રામ પુરી દુનિયાનાં ભગવાન છે. તેઓ સૌના ભગવાન છે. આપણે આપણી લડાઈ ભૂલવાની જરૂર છે."

૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટનો મોસ્ટ વોન્ટેડ આતંકી અબુ બકર દુબઈથી ઝડપાયો

મુંબઈ

૧૯૯૩માં મુંબઈમાં થયેલા સિરીયલ બોંબ બ્લાસ્ટ મામલે ભારતીય એજન્સીઓને દુબઈમાં મોટી સફળતા મળી છે. આ મામલે સુરક્ષા એજન્સીઓ ભારતના બે મોસ્ટ વોન્ટેડ આરોપીઓને ઝડપી લીધા છે. ઝડપાયેલા એક આતંકીની ઓળખ અબૂ બકર તરીકે થઈ છે. અબૂ બકર પાક અધિકૃત કશ્મીરમાં ટ્રેનિંગ લીધી હતી અને RDX લાવવામાં અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના દુબઈ સ્થિત મકાનમાં ષડયંત્ર રચવામાં સામેલ હતો. મુંબઈ બોંબ બ્લાસ્ટમાં અબૂ બકર મુખ્ય ષડયંત્રકારીઓમાંનો એક હતો અને પાકિસ્તાન અને છઈમાં રહેતો હતો. એજન્સીઓએ ગુપ્તચર ઈનપુટના આધારે તેને ઝડપી લીધો છે. લાંબા સમયથી મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં ચાલી રહેલા બન્ને આતંકીઓના પ્રત્યાર્પણ માટે ભારતીય એજન્સીઓ પ્રયાસ કરી રહી છે.







તંત્રી સ્થાનેથી...

વિકાસ માટેની કિંમત

માનવી ધરતીના સંશાધનોને એટલી ઝડપથી ખતમ કરી રહ્યો છે કે તેની ક્ષતિપૂર્તિ કરવાની બાબત તેના માટે શક્ય જ નથી. આ બાબતને અમે સિદ્ધાંતની દ્રષ્ટિથી પહેલાથીજ જાણીએ છીએ. જો કે આંતરરાષ્ટ્રીય રિસર્ચ સંગઠન ગ્લોબલ ફુટપ્રિન્ટ નેટવર્ક દ્વારા વાજબી અને સત્તાવાર રીતે ગણતરી કરીને હવે કહ્યુ છે કે વિચાર કર્યા વગર આડેધડ સંશાધનોના ઉપયોગના કારણે પૃથ્વીના સંશાધનોને અમે ઝડપથી ખતમ કરી રહ્યા છીએ. આ સંશાધનો હવે ખતમ થવાની નજીક છે. આ તારીખ પણ હવે નજીક પહોંચી રહી છે. જીએફએનના પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે પૃથ્વી દર વર્ષે પોતાના સંશાધનોના કેટલાક હિસ્સાને પુર્નિમિત કરી શકે છે. સાથે સાથે માનવી તેની આ ક્ષમતા કરતા કેટલા વધારે પ્રમાણમાં સંશાધનોનુ નુકસાન કરી રહ્યા છે. આ સિલસિલો ૧૯૭૦ના દશકથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદના કેટલાક અપવાદના વર્ષોને બાદ કરતા દર વર્ષે ઉલ્લંઘનની હદ વધી રહી છે. ૨૦ વર્ષ પહેલા સ્થિતી એ હતી કે વર્ષ ભરના સંશાધનો ના ક્વોટાને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઇ જતા હતા. આ તારીખને ઓવરશુટ ડે તરીકે ગણવામાં આવે છે. દસ વર્ષમાં આ તારીખ હવે ખસીને ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચી ગઇ છે. કહેવા માટેની કોઇ જરૂર નથી કે ભવિષ્યની કિંમતપર વર્તમાનને ચકાચક બનાવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ વૃતિ સર્વનાશના પળને ઝડપથી અમારી નજીક લાવી રહી છે. સારી બાબત એ છે કે આ પ્રક્રિયા હજુ સુધી બેકાબુ થઇ નથી. સાવધાનીપૂર્વક જો આગળ વધવામાં આવે તો આ ગતિવિધીને રોકી શકાય છે. કારણ કે સંશાધનોનો ઉપયોગ સીધી રીતે અમારા વિકાસ સાથે અને તેની ગતિ સાથે જોડાયેલા છે. જેથી જેમ જ વિકાસની ગતિ કોઇ કારણસર ધીમી પડે છે ત્યારે આ મોરચે રાહત મળવા લાગી જાય છે. વર્ષ ૨૦૦૭-૦૮ની મંદીના કારણે ઓવરશુટ ડેને પાંચ દિવસ આગળ ધકેલી દેવામાં સફળતા મળી હતી. પરંતુ કયાં દેશની કઇ સરકાર મંદીને આમંત્રણ આપવા ઇચ્છશે. રોજી રોજગાર, કામ ધંધા, વિકાસ તો તમામ લોકોને જોઇએ છે. પરંતુ સરકારો જીડીપીની ગણતરી કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખે તે જરૂરી છે. સંશાધનોનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે સમયની જરૂરિયાત છે. આવનાર સમયમાં આ મામલે જનજાગૃતિ પણ જગાવવા માટેની જરૂર દેખાઇ રહી છે. પૃથ્વીના સંશાધનોને આડેધડ ઉપયોગ ન કરવામાં આવે તે મામલે નિષ્ણાંતો સમય સમય પર કહેતા રહ્યા છે. જો કે વિકાસની કિંમત પર આ તમામ બાબતો થઇ રહી છે જે નુકસાનકારક સાબિત થઇ શકે છે.પૃથ્વીના સંશાધનોને જાળવી રાખવા માટેના તમામ પ્રયાસ યુદ્ધના ધોરણો હાથ ધરવાની જરૂર છે. પૃથ્વીના સંશાધનોની જાળવણીને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. કારણ કે સંશાધનના મામલે વિતેલા વર્ષોમાં ધ્યાન આપવામાં આવ્યુ ન હતુ જેના કારણે આજે સ્થિતી ચિંતાજનક બની ગઇ છે. આવનાર સમય વધારે પડકારરૂપ રહેનાર છે.

પૃથ્વીના સંશાધન ખતમ થઇ જવા માટેની તારીખ નજીક આવી રહી છે : નવી ચિંતા

યુવા નેતા પાસે ઘણા મુદ્દા છે

દેશમાં સારા કામ કરવા માટે કોઇને બદનામ કરવાની કોઇ જરૂર નથી. પોત પોતાના સ્તર પર જન કલ્યાણના કામોને નવી ઉંચાઇ પર લઇ જઇ શકાય છે. આજે દેશના અનેક ભાગોમાં યુવા નેતાઓ આગળ આવી રહ્યા છે. આ યુવા નેતાઓ પાસે દેશના યુવા વર્ગને દિશા બતાવવા માટેની સારી તક રહેલી છે. પરંતુ આ યુવા નેતાઓ દેશના લોકોને યોગ્ય માર્ગ પર મુકી શકે છે. પાટીદાર સમુદાયના લોકોને અનામત આપવાના મક્કમ ઇરાદા સાથે આગળ વધેલા અને ગુજરાતની સાથે સાથે દેશમાં લોકપ્રિયતા મેળવી લેનાર હાર્દિક પટેલનો અવાજ આજે સંભળાય છે. આવી સ્થિતીમાં યુવા વર્ગના લોકો તેની પાસેથી કેટલાક દાખલા બેસે તેવા કામની અપેક્ષા રાખે છે. કોઇ પણ ઇરાદા સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેને લઇને કોઇ વાંધો નથી પરંતુ જો જન કલ્યાણના મુદ્દાઓને વધારે સારી રીતે ચગાવવામાં આવે તો તેનાથી વધારે લોકપ્રિયતા મળી શકે છે. કેટલાક એવા મુદ્દા છે જે રાજકીય નથી. જેને રાજકીય સ્તર સાથે કોઇ લેવા દેવા નથી. આ મુદ્દા પર તે આગળ વધીને સરકારની આંખ ખોલી શકે છે. દેશ બચાવો અને બંધારણ બચાવો જેવા કાર્યક્રમ નેતાઓ કરે તેમાં વાધો નથી પરંતુ લોકપ્રિય યુવા નેતાઓ હાર્દિક, જિગ્નેશ મેવાણી અને કન્યહૈયા જેવા લીડરો જે કામ સરકાર કરી શકી નથી તે મુદ્દા પર પ્રકાશ ફેંકીને આગળ વધે તે વધારે ઉપયોગી છે. આજે સ્વચ્છતા અભિયાન કોઇ રાજકીય પક્ષ સાથે સંબંધિત નથી. આ કાર્યક્રમને વધારે તાકાત સાથે યુવા નેતાઓ ઉઠાવી શકે છે. જ્યાં સરકારની નબળાઇ આ અભિયાનમાં દેખાય તે મુદ્દે રજૂઆત દેખાવો સાથે કરી શકાય છે. ખેડુતોના મુદ્દાને પણ વધારે સારી રીતે રજૂ કરી શકાય છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં મુળભુત સુવિધાના મામલે જોરદાર આક્રમક ઝુંબેશ હાથ ધરીને સરકારની આંખ ખોલવાનુ કામ કરે શકે છે.

મોદીના કારણે દેશ સામે ખતરા કયા છે તે વાત સમજાતી નથી...

વિરોધીઓ દેશને કઇ રીતે બચાવશે



કોંગ્રેસ અને અન્ય રાજકીય પાર્ટીના લોકો જે બહાનાસર ભેગા થઇ રહ્યા છે તે વાત લોકોને ગળે ઉતરતી નથી : વિરોધી એક મંચ પર કેમ છે

લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે તમામ રાજકીય પક્ષો પોતપોતાની ચાલ રમી રહ્યા છે. એકબાજુ નાના પક્ષો વધુને વધુ લાભ ઉઠાવવા મેદાનમાં આવી રહ્યા છે. મોટા પક્ષો કેન્દ્ર સ્તર પર તેમની ભૂમિકાને મજબુત કરવામાં લાગેલા છે. જો કે છેલ્લા કેટલાક મહિનાથી એક બાબત વિરોધ પક્ષોના મોટા ભાગના લોકો કરી રહ્યા છે કે દેશને બચાવી લેવાનો અને સંવિધાનને બચાવી લેવાનો સમય આવી ગયો છે. આ બાબત દેશના સામાન્ય લોકોને ગળે ઉતરી રહી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદેથી દુર થવાથી અને વિરોધીઓ એક સાથે ભેગા થઇને જો સરકાર બનાવી લેશે તો દેશ કઇ રીતે બચી જશે તે બાબત લોકોને સમજાઇ રહી નથી. સામાન્ય લોકો વિરોધીઓના કાવાદાવાને જોઇ રહ્યા છે. દેશના જુદા જુદા ભાગમાં હાલમાં જુદા જુદા કેસોનો સામનો કરી રહેલા અથવા તો ચૂંટણી આવે ત્યારે રાજકીય ઉછળકુદ કરતા કેટલાક અસંતુષ્ટ નેતા બંધારણ બચાવો દેશ બચાવો જેવા કાર્યક્રમ આયોજિત કરે છે. જ્યારે કેટલાક રાજ્યોના મુખ્યપ્રધાન પોત પોતાના વિસ્તારમાં પોતાની લોકપ્રિયતા જાળવી રાખવા અને પોતાની સ્થિતીને ટકાવી રાખવા શક્તિ પ્રદર્શન કરે છે. વાત કોઇ એક વિપક્ષી નેતાની નથી બલ્કે તમામ વિરોધ પક્ષોના નેતાઓની રહેલી છે. જે કાર્યક્રમ યોજીને કેટલાક સંદેશા આપવાના પ્રયાસ કરી રહ્યા છે. જેમાં મમતા બેનર્જી, ચન્દ્રાબાબુ નાયડુ, અરવિન્દ કેજરીવાલ, માયાવતી અને અખિલેશ યાદવનો સમાવેશ થાય છે. આ તમામ નેતાઓને પોત પોતાના રાજયમાં કામ કરવાની પુરતી તક મળી છે છતાં તેમની કામગીરી આજે તમામની સામે છે. કોંગ્રેસ પાર્ટી તો વિશ્વસનીયતા ધરાવતી નથી તેમ પણ કેટલાક લોકો કહે છે. વાત અગાઉની કોંગ્રેસ સરકારની કરવામાં આવે તો તેમના ગાળામાં જે પ્રકારે ભ્રષ્ટાચારનુ નેટવર્ક ફેલાયુ હતુ તેને જોતા તમામ લોકો કહે છે કે સ્વતંત્રતાના આટલા વર્ષો પછી પણ મુળભુત સુવિધા વિકસિત થઇ શકી નથી. આજે ખેડુતો અને ભ્રષ્ટાચારના મુદ્દાને લઇને કુદાકુદ કરી રહેલા કોંગ્રેસના તમામ લોકો પાસે આ બાબતનો જવાબ નથી કે સ્વતંત્રતાના એટલા વર્ષો બાદ પણ દેશના તમામ ભાગોમાં કેમ વિજળીની મુળભુત સુવિધા પહોંચી નથી. જો કોંગ્રેસી સરકારોએ વિતેલા વર્ષોમાં ખુબ સારુ કામ કર્યુ છે તો ગ્રામીણ ક્ષેત્રો આજે પણ કેમ અંધારામાં છે. આજે પણ ખેડુતોને કેમ લોનમાફી કરવી પડે છે. ભારતને સ્વતંત્રતા મળ્યાને દશકો થઇ ગયા છે પરંતુ હજુ સુધી ખેડુતોની હાલતમાં સુધારો થયો નથી. ખેડુતો આજે પણ કેટલાક વિસ્તારોમાં આત્મહત્યા કરવા તરફ દોરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ પાકા રસ્તા નથી. પરિવહનના સાધનો પુરતા પ્રમાણમાં દેખાતા નથી. ગરીબી હટાવો અને ખેડુતોના જીવન ધોરણને સુધારી દેવાના તમામ પ્રયાસો કરવાના દાવા કોંગ્રેસ કરે છે પરંતુ તેમના દાવાએ વખતે પોકળ પુરવાર થાય છે જ્યારે જુદી જુદી રેન્કિંગ સંસ્થાઓના આંકડા જારી કરવામાં આવે છે. આ કોઇ મોદી અથવા તો નેતાઓના આંકડા નથી. વિદેશી પ્રતિષ્ઠિત રેન્કિંગ સંસ્થાઓના આંકડા છે. જે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં છેલ્લા પાંચ વર્ષના ગાળા દરમિયાન દેશની સિદ્ધીની વાત કરે છે. આજે ચારેબાજુ સ્વચ્છતા અભિયાનને ટેકો મળી રહ્યો છે. દેશના મોટા ભાગના વિસ્તારોમાં સ્વચ્છતા જોવા મળે છે. જેમાં સરકારી હોસ્પિટલ, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને અન્ય જાહેર લોકોના સ્થળનો સમાવેશ થાય છે. સાત આઠ વર્ષ પહેલાની વાત કરવામાં આવે તો રેલવેમાં વધારે મુસાફરી કરતા લોકો સામાન્ય રીતે કહી શકે છે કે ઇ રીતે સ્ટેશનો પર ગંદકી રહેતી નથી. પ્લેટ ફોર્મ પર ઉભા રહેવાની ઇચ્છા પણ થતી ન હતી. ટ્રેનોની કેવી હાલત હતી તે પણ લોકો સારી રીતે કહી શકે છે. આજે પાંચ વર્ષના ગાળામાં જ સ્ટેશનો અને ટ્રેનોમાં જે પ્રકારની સ્વચ્છતા જોવા મળે છે તેને લઇને તમામ લોકો સંતુષ્ટ હોઇ શકે છે. ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓ, વીજળી સહિતની સુવિધા પહોંચી છે. ઇચ્છાશક્તિ હોત તો આ કામ પહેલા પણ થઇ શક્યા હોત. જયારે અમે સ્વતંત્રતાના આટલા વર્ષો પછી કોઇ સિદ્ધી મેળવી લઇએ છીએ ત્યારે ગર્વ ચોક્કસપણે થાય છે પરંતુ સાથે સાથે એક વિચાર પણ ચોક્કસપણે જાગૃત લોકોને આવે છે કે આ કામ પહેલા થઇ ગયા હોત તો બીજા અન્ય કામો પર ધ્યાન અપાયુ હતુ. ૫૦ વર્ષથી પણ વધુ ગાળામાં સમગ્ર દેશના સમગ્ર વિસ્તારમાં વીજળી ન પહોંચે, પાકા રસ્તા ન બને, વિશ્વના દેશોમાં ભારતની નોંધ ન લેવાય, ગેસ કનેક્શન પુરતા પ્રમાણમાં લોકો પાસે ન હોય તો કહી શકાય છે કે વિતેલા વર્ષોમાં અગાઉની સરકારો કેટલી ઉદાસીન રહી હશે. હવે દેશને વિપક્ષી નેતાઓ ચમત્કાર કરીને કઇ રીતે બચાવી લેશે. દેશની સામે હાલમાં એવી કઇ સમસ્યા છે જેના કારણે દેશ સંકટમાં છે. સામાન્ય લોકોને તો એવા કોઇ સંકટ દેખાતા નથી. હરિફોને જે જુદા જુદા કેસોમં ફસાયેલા છે તેમને ચોક્કસપણે સંકટ દેખાય છે. કારણ કે તેમની સામે હવે તેમના કરતુતોને ખુલ્લા પાડવા કાર્યવાહી થઇ રહી છે. સામાન્ય રીતે કોઇ વ્યક્તિ સરળતાથી સમજી શકે છે કે કોઇ પણ તપાસ સંસ્થાઓ જો કોઇ શંકા હશે નહીં તો કેમ કોઇની સામે તપાસ કરી શકે છે. અને જો કોઇ ગેરરિતી અને કોઇ ખોટા કામો કર્યા નથી તો તપાસ સંસ્થાઓને લઇને હોબાળો શા માટે મચાવાય છે. સામાન્ય લોકો જવાબ ઇચ્છે છે કે સીબીઆઇ અથવા તો ઇડી અથવા તો અન્ય તપાસ ટીમો કોઇ પણ સમય તપાસ માટે પહોંચે તો તેમાં કોઇ મુખ્યપ્રધાન અથવા તો અન્ય લીડરોને વાંધો કેમ છે.

યોગી સાથે પણ અખિલેશ વિતેલા વર્ષોમાં આવુ વર્તન કરી ચુક્યા...

હવે યોગી અને અખિલેશ સામસામે



વિતેલા વર્ષોમાં યોગીને મિર્જાપુરમાં રોકીને તેમને વારાણસી જવાની ફરજ પાડવામાં આવી હતી : પોલીસ સાથે ઝપાઝપી સામાન્ય બની ગઇ છે

ઉત્તરપ્રદેશમાં જોરદાર રાજકીય ઘમસાણની સ્થિતી હાલમાં પ્રવર્તી રહી છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન અખિલેશ યાદવે યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપ સરકારની હાલમાં જોરદાર ઝાટકણી કાઢી છે. કારણ કે તેમને અલ્હાબાદ યુનિવર્સિટીના કાર્યક્રમમાં જતા રોકી દેવામાં આવ્યા હતા. અખિલેશને મંગળવારના દિવસે લખનૌ વિમાનમથક પર એ વખતે રોકી લેવામાં આવ્યા હતા જ્યારે તેઓ અલ્હાબાદ યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે જઇ રહ્યા હતા. સમાજવાદી પાર્ટીના વડાએ આક્ષેપ કરતા કહ્યુ છે કે રાજ્ય સરકાર તેમનાથી ખુબ ભયભીત થઇ ગઇ છે. પરંતુ અખિલેશને આક્ષેપ કરતા પહેલા ભુતકાળને યાદ કરી લેવાની જરૂર છે. અખિલેશ જ્યારે રાજ્યના મુખ્યપ્રધાન હતા ત્યારે તેમના દ્વારા પણ અખિલેશ સાથે આવુ જ વર્તન કરવામાં આવ્યુહતુ. નવેમ્બર ૨૦૧૫માં જ્યારે યોગી આદિત્યનાથ ગોરખપુરના સાંસદ તરીકે હતા ત્યારે રાજ્યના મુખ્યપ્રધાન રહેલા અખિલેશ યાદવે યોગીને રોકી દીધા હતા. એ વખતે સપા સરકારે યોગીને અલ્હાબાદ યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે જતા રોકી દેવામાં આવ્યા હતા. યોગીને મિર્ઝાપુરમાં રોકી દેવામાં આવ્યા હતા. ઉપરાંત ભાજપના બે અન્ય સાંસદ કેશવ પ્રસાદ મોર્ય અને વિનોદ સોનકરને પણ યુનિવર્સિટીના કાર્યક્રમમાં ઘુસવાથી રોકી દેવામાં આવ્યા હતા. એ વખતે પણ સરકારે એવુ કારણ આપ્યુહતુ કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતી વણસી શકે છે. સામાન્ય રીતે નેતાઓને વિદ્યાર્થી સંઘના કાર્યક્રમમાં જતા રોકવામાં આવે છે. આના માટે કારણ સ્થિતી વણસી જવાનુ આપવામાં આવે છે. ઇતિહાસ સાક્ષી છે કે કેટલીક વખત આવા કાર્યક્રમમાં મારામારી પણ થાય છે. પોલીસની સાથે વિદ્યાર્થીઓની ઝપાઝપી પણ થાય છે. આવી સ્થિતીમાં જ્યારે પ્રયાગરાજમાં કુંભ મેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે ત્યારે સ્થિત વણસી શકે છે. કુંભ મેળામાં હાલમાં ૨૫ લાખ લોકો દરરોજ પહોંચી રહ્યા છે. રાજય સરકાર આ આયોજનથી સમગ્ર વિશ્વમાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને આકર્ષિત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. વહીવટી તંત્રનુ કહેવુ છે કે એકબાજુ કુંભમાં પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આવી સ્થિતીમાં અખિલેશને સુરક્ષા આપવા માટેની બાબત ચિંતાજનક રહી હોત. રાજય સરકારને પ્રહાર કરવાની બાબત સમજી શકાય છે જો કે અખિલેશ યાદવને સમગ્ર વિશ્વન સમક્ષ પ્રદેશની છાપ ખરાબ કરવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. અખિલેશ પોતે છેલ્લા કેટલાક સમયથી શાસનમાં રહી ચુક્યા છે. કુંભ મેળાને લઇને જોરદાર આયોજન ચાલી રહ્યુ છે. દેશવિદેશથી મહેમાનો પહોંચી રહ્યા છે. આવી સ્થિતીમાં રાજ્યની પ્રતિષ્ઠા ખરડવાની કોશિશ કરવામાં આવે તે જરૂરી છે. ઉત્તર પ્રદેશમાં સરકાર સ્થિતીને આદર્શ કરવાના પ્રયાસ કરી રહી છે. કુંભ જારી છે ત્યારે સ્થિતી લાખો લોકો ત્યાં રોકાયેલા છે.

પ્રેમના દુશ્મનના ષડયંત્રને માત આપીને આખરે નિમા અને મનિષના સાચા પ્રેમની જીત થઇ



સુર્યોદય થવાની તૈયારી છે અને પક્ષીઓ પોતાના માળામાંથી બહાર નિકળી રહ્યા છે. ચારેબાજુ સવારમાં પક્ષીઓનો મધુર કલરવ સંભળાઇ રહ્યો છે. મંદિરોમાં ઘંટનો રણકાર સંભળાઇ રહ્યો છે અને ભગવાનના અનેક ભક્તોની સાથે અમદાવાદ શહેરની વૈભવી જીવન શૈલી જીવતી નિમા પણ દર્શનાર્થે મંદિરમાં આવી છે. નિમા ભગવાન પાસે બીજુ કંઇ નથી માંગતી પરંતુ સારો પતિ મળે તેવી મનોમન પ્રાર્થના કરી રહી છે. મંદિરેથી નિમા ધીરે પોતાના ઘરે આવે છે માતાને કામકાજમાં મદદરૂપ બને છે. અચાનક જ નિમાની નજર ઘડીયાળ પર જાય છે અને બોલી ઉઠે છે કે મારે તો કોલેજ જવામાં મોડુ થઇ ગયુ, બાકીનું કામકાજ તમે કરજો. કામકાજ તો હું કરી લઇશ પરંતુ બેટા તું થોડો નાસ્તો કરીને જા, આમ ભુખ્યા પેટે ન જવાય તેમ નિમાની માતાએ કહ્યુ. મારા ભાગનો નાસ્તો તમે કરી લેજો તેમ કહીને નિમા થોડુ પાણી પી ને ઘરેથી કોલેજ જવા માટે રવાના થાય છે. પરંતુ નિમાની માતાને તેની દિકરીની સતત ચિંતા થયા કરે છે કે દિકરીની ઉંમર પરણાવા લાયક થઇ ગઇ છે અને તેમ છતાં પણ હજુ તેની હરકતો બાળક જેવી છે. યુવાન દિકરીની માતાની ચિંતા વ્યાજબી છે પરંતુ નિમા ઘરમાં જ બાળક જેવુ વર્તન કરે છે અને કોલેજમાં બહાદુર છોકરી બનીને ફરી રહી છે તે વાતથી પરીવાર અજાણ છે.

નિમાના સૌદર્યની કોલેજના દરેક છોકરાઓના મોઢે વખાણ સાંભળવા મળી રહ્યા છે અને કોલેજનું છેલ્લુ વર્ષ હોવા છતાં અનેક યુવકોએ પ્રયત્નો કરવા છતાં પણ નિમાને પ્રેમમાં પાડવામાં સફળ થયા નથી. ત્યારે કોલેજ કેમ્પસમાં બેઠેલા કેટલાક ટીખળી યુવાનો રોહન નામના વિદ્યાર્થીને ઉશ્કેરે છે અને નિમાને પ્રપોઝ કરવાનું કહે છે. રોહન નિમાની રાહ જોઇને કોલેજ કેમ્પસમાં બેસી રહે છે અને જેવી નિમા ક્લાસરૂમની બહાર નિકળે છે કે તરત જ રોહન તેની પાસે પહોંચી જાય છે અને પ્રેમનો પ્રસ્તાવ મુકે છે. નિમા કંઇ પણ પ્રતિક્રિયા આપતી નથી અને મૌન રહીને આગળ ચાલતી રહે છે. રોહન કહે છે કે નિમા તું મારા પ્રેમનો સ્વીકાર કરીશ તો હું તને મહેલોની રાણીની જેમ રાખીશ. છતાં પણ નિમા કોઇ જવાબ આપતી નથી. પરંતુ રોહન જ્યારે એમ કહે છે કે તારી આજુબાજુ જોવા મળતો મનિષ કોલેજ પુરી થયા પછી તને છોડીને બીજી યુવતી સાથે લગ્ન કરી લેશે ત્યારે નિમાએ મોટા અવાજમાં કહ્યુ કે, તું મારા વિશે અત્યાર સુધી જે કાંઇ પણ બોલ્યો તે મે સાંભળી લીધુ છે પરંતુ મનિષ વિશે હું એક પણ શબ્દ નહી સાંભળુ. તું કોણ છે મને મારા મનિષ વિશેનો અભિપ્રાય આપવા વાળો. રોહને ફરી કહ્યુ કે, મનિષને પૈસાની જરૂર છે, તે કોલેજની સાથે નોકરી પણ કરી રહ્યો છે અને પૈસા માટે છોકરી પણ બદલી શકે છે. આ સાંભળતાની સાથે જ મનિષ એક પણ શબ્દ બોલ્યા વગર રોહનને થપ્પડ લગાવી દે છે ત્યારે રોહન કહે છે આ થપ્પડ તમારા પ્રેમને મોંઘી પડશે. તારાથી થાય તે કરી લેજે તેમ નિમાએ કહ્યુ અને રોહન સીધો મિત્રોની સાથે કોલેજ કેમ્પસની બહાર નિકળી જાય છે. પરંતુ રોહન કોલેજમાં થયેલા અપમાનનો બદલો લેવાનું નક્કી કરે છે અને મિત્રો સાથે મળીને નિમા તથા મનિષના પ્રેમને બદનામ કરવા માટે ષડયંત્રો રચવાનું શરૂ કરે છે. રોહન થોડા દિવસો પછી સીધો નિમાના ઘરે પહોચી જાય છે અને નિમાના પિતાજી સાથે વાતચીત કરવાનું શરૂ કરે છે. થોડો સમય વાતચીત ચાલ્યા પછી રોહન કહે છે કે આપની દિકરી પરણાવા લાયક થઇ ગઇ છે અને જો તમે તમારા પરીવારની



ઇજ્જત બચાવવા માંગતા હોય તો તેને ઝડપથી કોઇ સારો છોકરો શોધીને પરણાવી દો. ત્યારે નિમાના પિતાજીએ કહ્યુ કે તમે ઘર ભુલ્યા લાગો છો, મારી દિકરી પણ મને પુરો વિશ્વાસ છે કે તે એવુ કોઇ જ કામ નહી કરે કે જેના કારણે પરીવારને નીચુ જોવુ પડે. જો તમને મારી વાત પર વિશ્વાસ ન હોય તો તમે કોલેજ પાસે આવેલી રેસ્ટોરન્ટમાં મારી સાથે આવો અને હું તમને તમારી નિમાને તેના પ્રેમી સાથે બેઠેલી બતાવીશ. આખરે નિમાના પિતાજી રોહન સાથે રેસ્ટોરન્ટમાં જવા માટે તૈયાર થાય છે. તો આ બાજુ નિમા અને મનિષ કોલેજનો આજના દિવસનો અભ્યાસ પુર્ણ કરીને નાસ્તો કરવા માટે મિત્રો સાથે રેસ્ટોરન્ટમાં જાય છે પરંતુ રોહનના મિત્રો યોજના પુર્વક નિમા અને મનિષની સાથે રહેલા મિત્રોને એક પછી એક રેસ્ટોરેન્ટની બહાર બોલાવે છે તથા સતત વાતોમાં મસગુલ રાખે છે. નિમા અને મનિષ પ્રેમથી વાતો કરતા કરતા નાસ્તો કરી રહ્યા છે. મનિષ કહે છે કે આપણે બન્નેએ હવે પરીવારને આપણા સબંધ વિશે વાત કરી લેવી જોઇએ ત્યારે નિમા કહે છે કે હું તો આજે જ મારા પિતાજીને મળવા માટે તને લઇ જઇશ. આ જ સમયે રોહન નિમાના પિતાજીને સાથે લઇને રેસ્ટોરન્ટમાં આવે છે અને કહે છે કે જુઓ આપની વિશ્વાસુ દિકરી તેના પ્રેમીની સાથે બેસીને મૌજ માણી રહી છે. આ સાંભળીને નિમાના પિતાજીની આંખો શરમથી ઝુકી જાય છે અને તે એક પણ શબ્દ બોલ્યા વગર ત્યાંથી બહાર નિકળી જાય છે. નિમા અને મનિષ પણ નાસ્તો બાજુ પર મુકીને બહાર આવે છે અને નિમા તેના પિતાજીને કહે છે કે આજે હું તમને મળવા માટે મનિષને સાથે લઇને આવવાની જ હતી પરંતુ રોહને અમને અલગ પાડવા માટે યોજના પુર્વક આપને અહી બોલાવ્યા છે. પિતા અને નિમા વચ્ચે ઘણા સમય સુધી ઉગ્ર ચર્ચા ચાલી રહી છે અને મનિષ વચ્ચે બોલવા જાય છે ત્યારે નિમાના પિતા મનિષને કહે છે કે આ અમારા પરીવારનો પ્રશ્ન છે તારે આમા કાંઇ બોલવાની કે બચાવ કરવાની કઇ જરૂર નથી. મનિષે કહ્યુ કે આ મારી જીંદગીનો પ્રશ્ન છે અને તમે રોહનને નથી ઓળખતા કે તે કેવા ષડયંત્રો રચી શકે છે. હવે નિમાના પિતા અને મનિષ વચ્ચે ઝગડો થવાની તૈયારી હોય છે ત્યારે રોહન ત્યાથી યુક્તિ પુર્વક નિકળી જાય છે. રોહન તેના મિત્રો સાથે કોલેજ કેમ્પસમાં આવે છે અને ખુશીથી બધા મિત્રોને કેન્ટીનમાં લઇ જઇને આઇસક્રીમ ખવડાવે છે. પરંતુ મનિષ એ વાત જાણે છે કે રોહન જ્યારે પણ ખુશ થાય છે ત્યારે તે મિત્રોને કોલેજમાં આઇસક્રીમ ખવડાવે છે એટલે તે નિમાના પિતાજીને કોલેજમાં સાથે આવવા માટે વિનંતી કરે છે પરંતુ નિમાના પિતાજી કોલેજમાં આવવાની સ્પષ્ટ ના પાડી દે છે. આખરે નિમાના કહેવાથી પિતાજી કોલેજમાં સાથે આવે છે અને મનિષના કહેવા મુજબ કેન્ટીનની બહાર છુપાઇને ઉભા રહે છે. મનિષને કેન્ટીનમાં આવતો જોતાની સાથે જ રોહન આઇસક્રીમ લઇને મનિષ પાસે પહોચી જાય છે અને કહે છે કે હું તમને અલગ પાડવાની ખુશીમાં બધાને આઇસક્રીમ ખડાવી રહ્યો છુ પરંતુ તને કેન્ટીનમાં લાચાર હાલતમાં જોઇને મારી ખુશી બવડાઇ ગઇ છે. મનિષે કહ્યુ સાચા પ્રેમની ક્યારેય હાર થતી નથી ત્યારે રોહને કહ્યુ કે આજે મારી યુક્તી સામે તારો પ્રેમ હારી ગયો છે. આ સાંભળતાની સાથે જ નિમાના પિતાજી કેન્ટીનમાં આવે છે અને રોહનને કહે છે કે સાચા પ્રેમની ક્યારેય હાર થતી નથી અને તારા જેવા પ્રેમના દુશ્મનના ષડયંત્રો પ્રેમ સામે હારતા આવ્યા છે અને આજે તું પણ હારી ગયો છું. હવે રોહન એક શબ્દ પણ બોલી શકતો નથી. નિમાના પિતાજી કોલેજની કેન્ટીનમાં અનેક વિદ્યાર્થીઓની વચ્ચે નિમાનો હાથ મનિષના હાથમાં સોંપે છે અને કહે છે કે કાયમ પ્રેમથી સાથે રહેશો તો દુનિયાની કોઇ તાકાત તમને ડરાવી કે હરાવી શકશે નહી.

ડીજીપી રાહ જોઈ રહ્યા છે કે હજી થોડા પોલીસ અધિકારી આત્મહત્યા કરે પછી આપણી માનસીકતા બદલીશુ

ગુજરાતમાં વર્ષે ઓછામાં ઓછા ત્રણ નાના મોટા પોલીસ અધિકારીઓ કામ અને પરિવારીક તનાવના કારણે આત્મહત્યા કરી લે છે. આવી ઘટના ઘટે ત્યારે સિનિયર પોલીસ નાના કર્મચારીઓનું તનાવ ઘટે તેવા પગલાં લેવામાં આવશે અને અઠવાડીક રજા આપવામાં આવશે તેવી જાહેરાંત કરે છે, પણ આ બધુ સ્મશાન વૈરાગ્ય જેવુ હોય છે, બધુ સામાન્ય થઈ જાય પછી નાના પોલીસ અધિકારીઓના તનાવ સામે કોઈ ધ્યાન આપતુ જ નથી,

ગત વર્ષે વડોદરા અને અમદાવાદના પોલીસ સબઈન્સપેકટરે પોતાના માથામાં ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી, થોડા દિવસ પહેલા અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરે પોલીસ અધિકારીઓને વોટસઅપ ગ્રુપમાં રજા નહીં મળતી હોવાને કારણે તે આત્મહત્યા કરી રહ્યા છે તેવુ જણાવ્યુ હતું, રોજના પંદર કલાક કામ કરતા પોલીસ કર્મચારીઓને વાર-તહેવારે તો રજા તો મળતી નથી પણ પોલીસ બીમાર પડે તો પણ તેમને રજા લેવાનો હક્ક નથી તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. આસીસ્ટન્ટ પોલીસ સબઈન્સપેકટરથી નીચેના કોન્સટેબલ અને હેડકોન્સટેબલને શનિ-રવિની રજાનો સરકાર પગાર આપે છે. જેના કારણે સરકાર અને સિનિયર અધિકારીઓ માને છે કે તેમની નૈતિક જવાબદારી પુરી થઈ ગઈ છે.

પ્રત્યેક રજાના દિવસે કામ કરતો પોલીસવાળોના ઘરે કોઈ સારા માઠો પ્રસંગ હોય અથવા તે બીમાર પડે તો પણ તેને રજા આપવામાં આવતી નથી. જયારે અ ા સ ી સ્ ટ ન્ ટ પોલીસસબઈન્સપેકટર-સબઈન્સપેકટર અને પોલીસ ઈન્સપેકટરને તો રજાનો પગાર પણ આપવામાં આવતો નથી છતાં તેઓ રજા લેવાના હક્કદાર નથી. જયારે તેમની ઉપરના તમામ અધિકારીઓ શનિ-રવિની રજા સહિત તમામ જાહેર રજાઓના દિવસે પરિવાર સાથે રહે છે. પણ તેઓ અપેક્ષા અને આગ્રહ રાખે છે કે તેમના તાબાનો તમામ સ્ટાફ ફરજ ઉપર ૩૬૫ દિવસ હાજર રહે.

આમ નાના પોલીસ અધિકારીઓ રજાની માગણી કરે ત્યારે તેમને વિવિધ કારણ આપી સિનિયર રજા આપતા નથી જેના કારણે પોલીસ સબઈન્સપેકટર અને ઈન્સપેકટર કક્ષાના અધિકારીઓ કંટ્રોલરૂમને ફોન કરી પોતાની બીમારીનું કારણ આપી બીમારીની રજા ઉપર ઉતરી જાય છે. ગુજરાત પોલીસમાં કામ કરતા પોલીસ ઈન્સપેકટરોની રજાની યાદી કાઢવામાં આવે તો તેમને મળવાપાત્ર એક પણ રજા તેમણે લીધી હોય તેવુ ભાગ્યે જ જોવા મળશે પરંતુ તમામ પોલીસ ઈન્સપેકટરો માંદગીના નામે જ રજા લીધી હશે, સિનિયર અધિકારીઓ રજા નહીં આપતા હોવાને કારણે ઈન્સપેકટરો બીમારીના નામે જ રજા લે છે.

પરંતુ સિનિયર પોલીસ અધિકારીઓ બીમારીની રજા લેનારા ઈન્સપેકટરોને હવે ગુજરાત પોલીસ એકટ ૧૪૫ની નોટીસ આપી રહ્યા છે. આ નોટીસમાં આદેશ કરવામાં આવે છે કે તમે તમારા ફરજના સ્થળે હાજર થઈ જાવ આમ એક ઈન્સપેકટર જયારે કહે કે હું બીમાર છુ તો તેને ફરજ ઉપર હાજર થઈ જવાની નોટીસ મળે. ૧૪૫ની નોટીસની જોગવાઈ પ્રમાણે બે વખત આ પ્રકારની નોટીસ આપ્યા પછી બીમાર પોલીસ અધિકારી સામે ગુનો નોંધવાની જોગવાઈ છે આમ ગુજરાત પોલીસમાં તે ફરજ બજાવતા હોવ અને બીમાર પડશો તો ગુનો નોંધવામાં આવશે તે નક્કી છે..

ગુજરાતના ડીજીપી તરીકે શીવાનંદ ઝા આવ્યા પછી તેમમે નાના પોલીસ અધિકારીઓને રાહત થાય તેવા અનેક નિયમોમાં ફેરફાર કર્યો છે, પરંતુ આ રાહતો બધી કાગળ ઉપર રહી ગઈ છે, બહુ ઓછા આઈપીએસ અધિકારીઓ પોતાના સ્ટાફની પીડાને સમજી શકે છે. ખરેખર હજી વધુ પોલીસ અધિકારીઓ આત્મહત્યા કરે તે પહેલા ડીજીપીએ સિનિયરોની માનસીકતા બદલવા માટે કલાસ લેવાની જરૂર છે.

હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણી સહિત તમામ આંદોલનકારીઓએ એક વખત જોવા જેવું 'સાહેબ...'

સામાન્ય રીતે સિનેમા હોલમાં જતો દર્શક મનોરંજન માટે જ આવે છે તેવું નિર્માતા-દિગ્દર્શક માનતા હોય છે, પણ આ માન્યતાથી વિપરીત દર્શકને વિચારતા કરી મુકે તેવી ફિલ્મ સાહેબ હાલમાં થીયેટરમાં ચાલી રહી છે. દેશ અને ગુજરાતના રાજકારણમાં વિદ્યાર્થી આંદોલનોએ મોટો ભાગ ભજવ્યો છે. જો કે હાલની યુવા પેઢી ૧૯૭૪માં થયેલી નવનિમાર્ણ આંદોલનથી અજાણ છે. ફિલ્મમાં કયાંય દાવો કરવામાં આવ્યો નથી, પરંતુ ફિલ્મ નવનિર્માણ આંદોલનની આસપાસ ફરતી હોય તેવું સમજાઈ જાય છે. ૧૯૭૪માં ગુજરાતના મુખ્યમંત્રી પદે ચીમનભાઈ પટેલ હતા અને વિદ્યાર્થી આંદોલનને કારણે તેમને સત્તા છોડવી પડી હતી. સાહેબમાં મુખ્યમંત્રીની ભૂમિકા અદા કરનાર અર્ચન ત્રિવેદીને કદાચથી નજીકથી જોયા છે કે નહીં તેની ખબર નથી. પરંતુ જેઓ પણ ચિમનભાઈ પટેલને જાણે છે તેઓ જો સાહેબ જેવા જાય તો નજર સામે તેઓ ચીમનભાઈ પટેલને જ જોઈ રહ્યા હોય તેવું લાગે, આમ આપણો રાજકારણી કેવો હોય છે તેવું દર્શાવવામાં અર્ચન સફળ રહ્યા છે. અર્ચનની સાથે ગૃહમંત્રીની ભૂમિકા અદા કરનાર હિતેશ ઠાકર નખશિખ કલાકાર છે, સત્તા માટે અને સત્તા ટકાવવા રાજકારણી કેટલો નીચે પડી શકે તે પાત્રને હિતેશે બખુબી નિભાવ્યું છે.

સાહેબની ભૂમિકા અદા કરનાર મલ્હાર ઠાકરનું પાત્ર એક આંદોલનકારી નેતાનું છે, પણ જેઓ ગુજરાતના રાજકારણ અને આંદોલનને સમજે છે તેમને સમજાય તે સાહેબ એટલે હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણીનું મીક્સચર છે. કોલેજ ફિ, રાજકારણમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર, દલિત આંદોલન જેવા વિષયોને મલ્હારે યોગ્ય નારો આપ્યો છે. સામાન્ય રીતે લોકોને પોતાની એકટીંગ દ્વારા હસાવતો મલ્હાર એક જુદા જ પાત્રમાં જોવા મળે છે. સાહેબને ન્યાય આપવા માટે ફિલ્મના વિષયનો બારીક અભ્યાસ કર્યો હોવાનું દેખાઈ આવે છે. સાહેબની પ્રિયતમા એટલે ફિલ્મની હિરોઈન રાજપ્રિય અને મલ્હારની કેમેસ્ટ્રી ખુબ સારી છે. ગુજરાતી ફિલ્મ અને ગુજરાતી દર્શકો જેને બોલ્ડ સીન માને તેવા પણ બે દર્શ્યો છે. જો કે બંન્ને સીન કથાને અનુરૂપ છે ફિલ્મને વેચવા માટે કિસ સીન ઉમેરવામાં આવ્યા હોય તેવું જરા પણ લાગતુ નથી. બહુ જ સહજ ઘટના લાગે છે. પાટીદાર આંદોલન વખતે હાર્દિક પટેલ અને મહિલાની જે સીડી ફરતી થઈ હતી તેવી ઘટનાનો ઉલ્લેખ બતાડવા માટે આ સીન મુકયા હોવાનું સમજાય છે.

પત્રકાર સૌમિત્રાની ભૂમિકા અદા કરનાર નિસર્ગ ત્રિવેદ્દી પરફેકટર પત્રકારની ભૂમિકા અદા કરે છે નિર્સગ પત્રકારના મનમાં ચાલતી ગડમથલ અને વેદનાને યોગ્ય ન્યાય આપવામાં સફળ રહ્યા છે.

આ ફિલ્મ લેખક પરેશ વ્યાસની મુળ સ્ક્રિપ્ટ તણખો આધારિત છે, પરેશ માણસ તરીકે પણ સંવેદનશીલ હોવાને કારણે ફિલ્મે દર્શકોને સંવેદનશીલતાને હચમાચાવી નાખવાનું કામ કર્યું છે. ફિલ્મના ડાયલોગ પણ પરેશ વ્યાસ અને રાજેશ શર્માના છે. એક સંવેદનશીલ માણસને જે કઈ ખુંચે તે બધુ જ ડાયલોગ દ્વારા બહાર આવે છે. ફિલ્મના દિગ્દર્શક શૈલેષ પ્રજાપતિ ફિલ્મના વિષયો પ્રમાણે પાત્રો પાસે સારી રીતે કામ લઈ શક્યા છે. જન આંદોલનને અનુરૂપ અને ગીતો પણ છે. પણ અમે તો મઝા કરવા થીયેટરમાં આવ્યા હતા તેવું માનીને આવતો દર્શક કદાચ થોડો નિરાશ થાય તેમ છે કારણ, ગુજરાતી સ્વભાવ પ્રમાણે ગુજરાતી માણસ વાંચન અને વિચારો માટે પૈસા ખર્ચ કરે ત્યારે તે ગુજરાતીને દુઃખ થાય છે.

પણ પૈસા કમાતો ગુજરાતી વિચારશીલ છે તેવું માનતા ગુજરાતીએ અચુક આ ફિલ્મ જોવા જેવી છે, ગુજરાતી ફિલ્મ માણસને વિચારતો કરી શકે તેવી દિશામાં સાહેબનું આ પહેલુ પગથીયુ છે. ગુજરાતમાં હાલમાં જે કઈ થઈ રહ્યું છે તેને સમજવા માટે સાહેબ જોવી જોઈએ.

રાહુલ ગાંધીએ ધરમપુરથી લોકસભા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા

પહેલાં અચ્છે દિનના નારા લાગતા હવે ચોકીદાર ચોર હૈના નારા લાગે છે: રાહુલ ગાંધી



મોદી મારી સામે આંખ મિલાવી શકતા નથી,અનિલ અંબાણીને ૩૦,૦૦૦ કરોડનો ફાયદો કરાવ્યો, ૨૦૧૯માં અમારી સરકાર આવશે તો ગબ્બરસિંહ ટેક્સ દૂર કરી, રિયલ જીએસટી લાગુ કરીશું,ફ્રાન્સમાં પણ 'ચોકીદાર ચોર હે'નો નારો ચાલે છે,નોટબંધીથી અર્થતંત્ર પાયમાલ,જીએસટીએ વેપાર ભાંગી નાખ્યો,ગુજરાતમાં મને બહુ પ્રેમ મળ્યો

ધરમપુર

રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી સૌ પ્રથમ દક્ષિણ ગુજરાતના ધરમપુરથી લોકસભાની ચૂંટણીના પ્રચારનો પ્રારંભ કર્યો છે. ધરમપુરના ઐતિહાસિક લાલ ડુંગરી મેદાનથી રાહુલ ગાંધી ૫ લોકસભા મત વિસ્તારને આવરી લેતી સભાને સંબોધન કર્યું હતું. સંબોધનની શરૂઆતમાં આક્રમક મૂડમાં આવેલા રાહુલે મોદી પર પ્રહાર કરતા ચોકીદાર ચોર છે ના નારા લગાવી જણાવ્યું હતું કે, પહેલાં અચ્છે દિનના નારા લાગતા હવે ચોકીદાર જ ચોર છેના નારા લાગે છે.

રાહુલ ગાંધીએ વડાપ્રધાનને રાફેલ મુદ્દે આડેહાથ લેતા કહ્યું કે, ચોકીદારની ચોરી પકડાઈ ગઈ છે. અનિલ અંબાણીને એક ઝાટકે ૩૦ હજાર કરોડ આપી વાયુસેના પાયલોટના ખીસ્સાના રૂપિયા છીનવી લીધા. ફ્રાંસના રાષ્ટ્રપતિને પણ મોદીએ કહ્યુ એચએએલને હટાવો અંબાણીને આપો એટલે હવે ચોકીદાર ચોર છે ના નારા દેશ બહાર ફ્રાંસમાં પણ લાગે છે. બધાને ખબર છે પરંતુ આ ચોરી વિષે મોદી એક શબ્દ પણ બોલતા નથી. લોકસભામાં દોઢ કલાક ભાષણ આપ્યું તેમાં રાફેલનો ૨ પણ બોલ્યા નહીં. અને કોઈ સાથે તેઓ નજર પણ મિલાવી શકતા નથી.

રાહુલ ગાંધીએ આદિવાસીઓને સંબોધતા કહ્યું કે, અમારી લડાઈ જળ,જમીન અને જંગલના મુદ્દે છે. વિકાસના કામોનો વિરોધ નથી પણ ખેડૂતોની જમીનની ઓછા ભાવ આપીને આ કરવું યોગ્ય નથી. સાગરમાલા, ભારતમાલા, બુલેટટ્રેન, ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરના નામે આદિવાસીઓની જમીનના ઓછા આપો તે નહીં ચાલે. અમે ભૂમિ અધિગ્રહણ બીલ લાવેલા તેમાં મોદીએ ફેરફાર કરીને તેની શક્તિ ઘટાડી નાખી છે. અમે ફરી એ બીલ લાવીશું અને છતિસગઢમાં ટાટાએ પાંચ વર્ષમાં કામ ન શરૂ કરતાં જમીન ખેડૂતોને પરત કરી.

રાહુલ ગાંધીએ દેવા માફીના વચન અંગે કહ્યું કે, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છતિસગઢમાં ૧૦ દિવસમાં દેવા માફીની વાત કરી હતી. પરંતુ પાંચ કલાક અને ત્રણ દિવસમાં દેવા માફ થયાં. ઉદ્યોપતિઓના મોદી સરકાર કરે તો અમે ખેડૂતોના દેવા માફ કરીશું.

મોદીએ રાત્રે આઠ વાગ્યે જાહેરાત કરીને દેશને લાઈનમાં લગાવી દીધો હતો. આ લાઈનમાં કોઈ કરોડપતિ જોવા નહોતો મળ્યો. અનિલ અંબાણી ક્યાંય દેખાય નહોતાં. જય શાહના ૭૦૦ કરોડ વાઈટ થઈ ગયાં અને કરોડપતિઓના રૂપિયા પાછલા દરવાજે બેંકમાં જતાં હતાં. શું મોદી તમામ ગરીબો અને નાના કામદારોને ચોર સમજે છે. કાળું નાણું આવવાનું તો દૂર રહ્યું પરંતુ અર્થતંત્રની કમર નોટબંધીએ ભાંગી નાખી.

જીએસટીને ગબ્બરસિંહ ટેક્સ કહેતા રાહુલે કહ્યું હતું કે, જીએસટીએ નાના અને મધ્યમ દુકાનદારોથી લઈને વેપારીઓના ધંધા ભાંગી નાખ્યાં છે. પાંચ પ્રકારના ટેક્સ રાખ્યાં છે. અમારી સરકાર બનશે એટલે પારદર્શક જીએસટી લાવીશું. જેમાં આટલી જટીલતા નહી હોય ઈક્રમ ટેક્સ પોલીસથી કોઈને ડરવાની જરૂર નહીં રહે તમામના ધંધા યોગ્ય રીતે ચાલશે. અને બધા સન્માન જનક જીંદગી જીવશે.

ગુજરાત કોંગ્રેસના નેતાઓને ફરિયાદ કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે તમે મને ઓછો બોલાવો છો. મને અહીં બહુ ગમે છે અહીંના લોકો અહીંનું જમવાનું બહુ ભાવે છે. મને અહીં ખૂબ પ્રેમ મળ્યો છે મને વધારે બોલાવો અને જ્યારે પણ ગુજરાતીઓને મારી જરૂર હશે અડધી રાત્રે પણ આવવા તૈયાર છું. ગુજરાતે હંમેશા દેશને દિશા બતાવી છે. ફરી દેશને જોડવાનું કામ ગુજરાતમાંથી થાય તેવી આશા રાખતો હોવાનું રાહુલે વધુમાં ઉમેર્યું હતું.

રાહુલ ગાંધીએ કહ્યું કે બજેટમાં છ હજાર રૂપિયા આપવા પર પાંચ મિનિટ બધાએ તાળીઓ પાડી. પરંતુ આ તાળીઓ નહોતી આ ગરીબ ખેડૂતોનું અપમાન કહેવાય. અમે સાડા ત્રણ કે સતર રૂપિયા નહીં પરંતુ અમે ડાયરેક્ટ ગરીબોના ખાતામાં રૂપિયા જમા કરાવીશું. અમે કહીએ છીએ તે કરીને બતાવીએ છીએ.

મનકી બાત કરતા વડાપ્રધાનની જેમ અમે એવી વાતો નહી કરીએ અમે તમારા માટે કામ કરવાના છીએ. અમારા માટે તમે માલિક છો માટે તમારી વાત અમે સાંભળીશું અમે જ્યાં સરકારમાં છીએ ત્યાં લોકોના મનની વાત સાંભળીએ છીએ અમારી વાતો કરતાં નથી. અમારૂં કામ તમારા હુકમને પુરા કરવાનું છે તમને હુકમ આપવાનું કે લાઈનમાં લગાવવાનું નહીં.

લોકો ભાજપથી ત્રસ્ત:અમિત ચાવડા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ આરએસએસના રિમોન્ટથી ચાલતી સરકાર ચલાવે છે. જેના કારણે પ્રદેશ ગુજરાતમાં અને દેશમાં લોકો ત્રસ્ત થઈ ગયાં છે. સામાન્ય લોકોના પ્રશ્નોને વાચા નથી મળતી માત્ર ઉદ્યોગપતિઓનું જ આ સરકાર સાંભળ છે. જ્યારે કોંગ્રેસ નબળી પડી ત્યારે ધરમપુરથી જ ગુજરાત અને દેશને નવી દિશા મળી છે. ઈન્દિરાજી, રાજીવજી અને સોનિયાજીથી લઈને હવે રાહુલજી સમર્થન માટે આવ્યા છે અને આગામી દિવસોમાં કોંગ્રેસના નેતા રાહુલજી દેશના વડાપ્રધાન બનશે તે દિશા અહિંથી જોવા મળી રહી છે.



કોંગ્રેસનો નવો વાયદો, 'ગેરંટી ઈનકમ'

રાહુલ ગાંધીએ કહ્યું કે 'લોકસભામાં વડાપ્રધાન મોદીએ ખેડૂતોના ખાતામાં રોજના ૧૭ રૂપિયા નાખવાની જાહેરાત કરી ગરીબોની મજાક કરી છે, પરંતુ હું વાયદો કરું છું કે અમે છેલ્લા ત્રણ મહિનાથી એક પ્રોજેક્ટ પર કામ કરીએ છીએ, આ પ્રોજેક્ટનું નામ છે ગેરંટી ઈનકમ કોન્સેપ્ટ, આ કોન્સેપ્ટથી ગરીબોના ખાતામાં ગેરંટી ઈનકમ જમા થશે. આ વાયદો મોદી જેવો નથી, અમે મજાક નહીં કરીએ. ગરીબોના ખાતામાં ધડાકથી પૈસા જમા થઈ જશે.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક ગુજરાતમાં યોજાશે, રાહુલ-સોનિયા હાજર રહેશે

લોકસભાની ચૂંટણી અંતર્ગત કોંગ્રેસે ચૂંટણી પ્રચારની વ્યૂહરચના તૈયાર કરી દીધી છે. મળતી માહિતી પ્રમાણે કોંગ્રેસની વર્કિંગ કમિટીની આ વખતની બેઠક દિલ્હીમાં નહી પરંતુ ગુજરાતમાં યોજાશે. આ બેઠકમાં સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને મનમોહનસિંહ સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહેશે.

બારડોલી પાલિકા વોર્ડ નં.૧ની પેટા ચૂંટણી સંદર્ભે કાર્યક્રમ જાહેર કરાયો

સુરત

રાજય ચૂંટણી આયોગની કચેરી દ્વારા રાજયભરની ચાર નગરપાલિકાઓની ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણી તા.૧૧/૦૨/૨૦૧૯ના રોજ જાહેર કરવામાં આવી છે. જેમાં સુરત જિલ્લામાં સમાવિષ્ટ બારડોલી નગરપાલિકાના વોર્ડ નં.૧ની પેટા ચૂંટણી-૨૦૧૯ નો માર્ચ મહિનામાં યોજાનાર છે.

(૧) નગરપાલિકાની ખાલી પડેલ બેઠકની પેટા ચુંટણી હેઠળના વિસ્તારમાં તા.૧૧/૨/૨૦૧૯ના રોજ ચૂંટણીઓની જાહેરાત થતા આદર્શ ચૂંટણી આચારસંહિતા અમલમાં આવે છે.

(૨) ચૂંટણીમાં ઉમેદવારે ઉમેદવારીપત્ર સાથે પોતાનો ગુન્હાહિત ઈતિહાસ, શૈક્ષણિત લાયકાત, મિલ્કત અને દેવા બાબતનું સોગદનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૩) ચૂંટણીમાં મતદાન સમયે, મતદારે ભારતના ચૂંટણીપંચ દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર રજુ કરવાનું રહેશે. પરંતુ વ્યાજબી કારણોસર માન્યતા પ્રાપ્ત ફોટાવાળા દસ્તાવેજો પૈકી એક દસ્તાવેજ રજુ કરી શકશે.

(૪) મતદાનનો સમય સવારે ૮.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધીનો રહેશે. પેટા ચૂંટણી વીજાણુ મતદાન યંત્રો દ્વારા કરવામાં આવશે. મતદારો માટે નોટાનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે. મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે અધિકારી/કમર્ચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ રહેશે.







પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના માટે તા.૧૬'મી સુધી અરજી કરી દેવી

બે હેક્ટર સુધી જમીન ધરાવતા ખેડૂતોએ ઈ-ગ્રામ કેન્દ્રમાંથી અરજી કરવી

સુરત

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે નાના અને સીમાંત ખેડૂત પરિવારને સહાયરૂપ થવા માટે "પ્રધાનમંત્રી કિસાન સમાન નિધિ (PM-KISAN) યોજના અમલમાં મૂકવામાં આવેલ છે, આ યોજના હેઠળ કુલ ૨(બે) હેક્ટર સુધીની જમીન ધરાવતા ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂપિયા ૬૦૦૦/- ત્રણ સમાન હપ્તામાં સહાય ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપત્ર થશે. પ્રથમ હપ્તા તરીકે તારીખ ૦૧/૧૨/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો સમયગાળો રહેશે. આ યોજના હેઠળ જમીનધારક કુટુંબ એટલે કે પતિ, પત્નિ અને સગીર બાળકો (અઢાર વર્ષથી ઓછી વયના) કે જેઓ સંયુક્ત રીતે પોતાની બે હેક્ટર સુધી ખેડાણલાયક જમીન ધરાવતા હોય તેઓ આ યોજનાનો લાભ મેળવી શકશે. જમીન ધારકતા અંગે તા.૧/૨/૨૦૧૯ ની સ્થિતિએ ખેડૂત તરીકે નોંધણી થયેલ હોવી જરૂરી છે.

આ યોજનાનો લાભ લેવા માટે સુરત જિલ્લાના ખેડૂતોએ સરકારના ડિજીટલ ગુજરાત પોર્ટલ ઉપર તા.૧૬/૨/૨૦૧૯ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. જે માટે ખેડૂતમિત્રોએ સબંધિત ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામસેવકશ્રી, વીસીઈ (ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક)નો સંપર્ક કરવાનો રહેશે. સુરત જિલ્લાના તમામ ખેડૂત મિત્રોએ આ યોજનાનો લાભ મેળવવા માટે તાત્કાલિક સબંધિત ગ્રામ પંચાયત ખાતે જરૂરી સાધનિક કાગળો સાથે રૂબરૂ જઈ પોતાની ઓનલાઈન અરજી કરાવવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, તા.૧૩ સુધીમાં જિલ્લાના ૧૭,૯૫૫ ખેડૂત કુટુંબોની ઓનલાઈન પોર્ટલ અરજીઓ મેળવવામાં આવી છે.

નવસારી જિલ્લામાં હથિયારબંધીનો અમલ

નવસારી જિલ્લામાં કાયદો-વ્યવસ્થા અને લોકોમાં સુલેહ-શાંતિ જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા ધ્વારા તાત્કાલિક અસરથી તા.૨૦/૦૨/૧૯ સુધી શસ્ત્રો, દંડા, તલવાર જેવા હિંસા પહોચાડી શકે તેવી ચીજવસ્તુઓ, સ્ફોટક પદાર્થો લાવવા લઈ જવા તેમજ સુરૂચિનો ભંગ થાય તેવા કોઇ પણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

લગ્ન પ્રસંગમાં ઘર શણગારવા ગયેલા યુવકનું આકસ્મિક મોત

ઉભેલી ટ્રક પાછળ બાઈક અથડાતા ગંભીર અકસ્માત

સુરત

ઉમરપાડામાં ગઈકાલે વાહન અકસ્માતનો બનાવ બન્યોહતો. જેમાં લગ્ન પ્રસંગે નિમિત્તે ઘરમાં કાગળની સજાવટ કરી પરત ઘરે જતા યુવકને રસ્તામાં કાળ ભરી ગયો હતો.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉમરવાડા તાલુકાના ગોવટ ગામે આવેલા પટેલ ફળિયામાં રહેતા સુજાતાબેન સંદીપભાઈ વસાવાનો ભાઈ અવિનાશ મોહનસિંહ પાડવી પણ સંદીપભાઈ સાથે ગઈ તારીખ ૧૨મીના રોજ રાત્રે સવા નવ વાગ્યે ચીરપણ ગામે અમૃતભાઈના ઘરે લગ્ન પ્રસંગે હોવાથી ઘર શણગારવા ગયા હતા. અને બાદમાં સવારે બન્ને સાળા-બનેવી પોતાની મોટર સાઈકલ સ્પ્લેન્ડર પ્લસ નંબર જીજે-૧૯-એપી ૬૫૧૨ ઉપર પરત ઘરે આવવા નીકળ્યા હતા. બે ફિકરાઈપૂર્વક બાઈક હંકારતા અવિનાશે પોતાની બાઈક પીનપુર ચાર રસ્તાની આગળ ઉભેલી ટ્રક નંબર જીજે-૧૦-વી-૭૬૮૬ની પાછળનો ભાગે અથડાવી દીધી હતી. સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવાર અવિનાશનું સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવાર અવિનાશનું ગંભીર ઈજાને કારણે મોત થયું હતું. અકસ્માતના બનાવ અંગે સુજાતાબેન વસાવાએ ઉમરપાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસી શરૂ કરી હતી.

રાજપીપળાના સાસરિયાઓ દ્વારા સુરતની યુવતી પર ત્રાસ

પતિ પાસે ઓસ્ટ્રેલિયા મોકલવા માટે સાસરિયાએ પરિણીતા પાસે ઓસ્ટ્રેલિયા જવાની ફાઈલના રૂપિયા ૨૫ લાખ અને દહેજના રૂપિયા ૨૫ લાખની માગણી કરી શારીરિક માનસિક ત્રાસ ગુજાર્યો હતો.

માહિતી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પરિણીતાએ સાસરિયા પક્ષના પ્રશાંત જયંતિ ટેલર ચંપાબેન જયંતિ ટેલર, જયંતિ ધુરા ટેલર, (રહે. રાજપીપળા), તૃપ્તબેન મિતુલકુમાર ચાવડા (વડોદરા, હાલ આફ્રિકા), મિતુલ હસમુખ ચાવડા (વડોદરા, હાલ આફ્રિકા), વિકાસ જયંતિ ટેલર (રહે. વડોદરા, હેમાબેન વિકાસ ટેલર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી સાસરિયા પક્ષે ફરિયાદી પરિણીતાના ઉપર શારીરિક માનસિક ત્રાસ ગુજારી ઓસ્ટ્રેલિયા રહેતા પતિ પાસે મોકલવા માટે રૂા. ૨૫ લાખ અને દહેજ પેટે રૂા. ૨૫ લાખની માગણી અવાર નવાર મારઝૂડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મહિલા પોલીસે પરિણીતાની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમરોલી કોલેજમાં ઓશો લોટસ ટ્રસ્ટ દ્વારા ધ્યાન શિબિર યોજાશે

સ્વામી ચૈતન્ય કીર્તિ આધ્યાત્મિક પ્રવચન કરશે

સુરત

અમરોલી કોલેજ અને ઓશો લોટસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૭-૨-૨૦૧૯ન રવિવારે સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ છે. દિલ્હી સ્થિત ઓશોના નિકટ વર્તી શિષ્યો આ પરિષદમાં વક્તવ્ય રજૂ કરશે.

સ્વામી સત્ય વેદાંત ધર્મ અને ધાર્મિકતા વિષય ઉપર સ્વામી ચૈતન્ય કીર્તિ ધર્મ અને નયે મનુષ્ય કી ખોજ અને માં ધર્મ જ્યોતિ ધર્મ ઓર ધ્યાન વિષય ઉપર પોતાનું વક્તવ્ય રજૂ કરશે. સ્વામી વેદાંત ઓશો ઈન્ટરનેશનલ મેડિટેશન યુનિવર્સિટીનાં ભૂતપૂર્વ ચાન્સેલર છે. તેઓએ વડોદરા એમ.એસ. યુનિવર્સિટી ઉપરાંત અમેરિકાની બર્કેલે અને મિસિંગન યુનિવર્સિટીમાં શિક્ષણ કાર્ય કર્યું છે. સ્વામી ચૈતન્ય કીર્તિ પૂનાથી પ્રકાશિત થતી રજનીશ ટાઈમ્સ અને ઓશો ટાઈમ્સ પત્રિકાના સંપાદક રહી ચૂક્યા છે. હાલમાં તેઓ દિલ્હીથી પ્રકાશિત થતી ઓશો વર્લ્ડ પત્રિકાના સંપાદક છે. ઓશોએ પ્રથમ અગિયાર વ્યક્તિઓને નવ સન્યાસની દીક્ષા આપી હતી. માં ધર્મ જ્યોતિ પ્રથમ અગિયારના ગ્રુપ પૈકીનાં એક છે. તેઓ દેશ વિદેશમાં ધ્યાન શિબિરોનું સંચાલન કરી રહ્યા છે.

સીટીલાઈટ સુરત ખાતે આવેલ સાયન્સ સેન્ટરમાં પરિસંવાદ બપોરે ૩.૦૦ કલાકે શરૂ થશે. આ પરિસંવાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થપાયેલ ઓશો ચેરના ઉપક્રમે યોજાય રહ્યો છે.

બોર્ડ પરીક્ષા અનુલક્ષીને પરીક્ષા કેન્દ્રોની આસપાસ પ્રતિબંધક હુકમનો અમલ

ઝેરોક્ષ તથા ફેક્સ કેન્દ્રો ચાલુ રાખી શકાશે

નવસારી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા આગામી તા.૦૭/૦૩/૨૦૧૯ થી તા.૨૩/૦૩/૨૦૧૯ દરમિયાન એસ.એસ.સી/એચ.એસ.સી. (સા.પ્ર./વિ.પ્ર.)ની માર્ચ-૨૦૧૯ પરીક્ષાનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સરળ અને સુચારુ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થચિતે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.એમ.ડી.મોડિયાએ મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઇપણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઇલ લઇ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઇ યંત્ર વગાડવા ઉપર તથા પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેકસ સેન્ટરો પર તા.૦૭/૦૩/૨૦૧૯ થી તા.૨૩/૦૩/૨૦૧૯ ના રોજ સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ કલાક દરમિયાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર દંડ સહિતાની કલમ-૧૩૫ મુજબ બીનજામીનલાયક શિક્ષાને પાત્ર ગણાશે.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

भट્ઠીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદક:
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યકિત માટે રૂમ આપવામાં આવશે.
સંપર્ક: જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
3-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com



૧૬મી લોકસભાની પૂર્ણાબુકિ બાદ નવસારીના સાંસદ સી.આર.પાટીલ તથા સુરતના સાંસદ દર્શનાબેન જરદોશે પત્રકાર પરિષદ યોજી સરકારના કાર્યકાળ અંગે લોકસભાના કામોના લેખા જોખા રજૂ કર્યા હતા

૧૬મીએ ઉધના-ભુસાવલ ડબલ ટ્રેકનું ઉદ્‌ઘાટન : સીઆર પાટીલ

ભુસાવલ બ્રાન્દ્રા ટ્રેનને વડા પ્રધાન મોદી લીલીઝંડી દેખાડશે

૧૬મી લોકસભા ઐતિહાસિક કામો માટે યાદગાર : દર્શના જરદોશ

સુરત

ગતરોજ ૧૬મી લોકસભાના અનેક કામો અને નિર્ણયો તેમજ બીલો મંજુર કરીને અચોક્કસ મુદ્દત માટે મુલત્વી રહ્યા બાદ આજે સુરતના સાંસદ દર્શનાબેન જરદોષ અને નવસારીના સાંસદ સી.આર. પાટીલ દ્વારા લોકસભાના કામોની માહિતી આપવા માટે પત્રકાર પરિષદ યોજી હતી.

સાંસદ દર્શના જરદોષે કહ્યું કે, વર્તમાન લોકસભામાં ૩૩૧ બેઠકો, ૬૪૬૦૦ સ્ટાર પ્રશ્નો, ૫૩૪૦૫ અનસ્ટાર પ્રશ્નો, અડધા કલાકની પાંચ ચર્ચા, કુલ મળીને ૨૧૯ ખરડા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. કુલ મળીને આ લોકસભામાં સૌથી વધુ કલાક કામ કરીને, સૌથી વધુ બીલ પસાર કરીને સૌથી વધુ બિનજરૂરી બિલ રીજેકટ કરીને ઐતિહાસિક કામગીરી કરી છે. ટ્રિપલ તલાકનો ઐતિહાસિક મુદ્દો, ૨૬ સપ્તાહની મેટરનિટી લીવ, સામાન્ય વર્ગ માટે ૧૦ ટકા અનામત જેવા નિર્ણયો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈચ્છાશક્તિના લીધે શક્ય બન્યા છે.

નવસારીના સાંસદ સી.આર. પાટીલના જણાવ્યા અનુસાર પશ્ચિમ બગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની સંડોવણી કહેવાય તેવા ચીટફંડ માટે ગતરોજ લોકસભામાં ઐતિહાસિક બીલ મંજૂર કર્યુ છે. ટીએમસીના સભ્યોને પણ આ બીલ માટે સમર્થન આપવાની ફરજ પડી હતી. સામાન્ય લોકોને સ્પર્શે તેવા અઢી લાખની આવકની મર્યાદા પાંચ લાખ સુધી કરી નાખી છે અને સીસ્ટેમીટીક પ્લાનિંગ કરાય તો ૧૦ લાખ સુધીની આવક વાળા વ્યીકતને પણ આવકવેરો ભરવામાંથી મુકિત આપવામાં આવી છે. પેન્શનરોને વ્યાજમાંથી ટીડીએસ રીફંડ માટે મુશ્કેલી ઓછી કરવા ૧૦ હજારના બદલે ૧૦ હજાર સુધી વ્યાજની રકમ વધારી ટીડીએસ કપાતી ઝંઝટમાંથી મુક્તિ આપવામાં આવી છે.

એરપોર્ટ માટે સુરત શહેર મોદીજીનો આભારી રહેશે ૧૬મી ફેબ્રુઆરીના રોજ શારજહાનું પ્રથમ ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ થવા જઈ રહી છે. આગામી માર્ચ મહિનાથી દુબઈ અને સીંગાપોરની ફલાઈટ પણ શરૂ થશે. માર્ચ મહિનાથી ગો એરની વધુ ૬ ફલાઈટ સુરતને મળશે અને ઈન્ડીગો વધુ ૬ ફાયર શરૂ કરવાની યોજના બનાવી છે. આમ માર્ચ મીહનાના અંતે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૮૦ થી વધુ ફલાઈટો દરરોથજ આવવા જવા કરશે. એરપોર્ટ પરથી ઓએનજીસીની પાછળલાઈન ખસેડવા માટે એન્જિનિયરીંગ ઈન્ડિયા લિમિટેડ (ઈઆઈએલ)ને ૧૫૦ કરોડનો કોન્ટ્રાક્ટ અપાયો છે. એરપોર્ટ પર રનવે લાંબો થવાથી આજુબાજુની હાઈરાઈઝના મકાનો તુટતા બચી શકશે.

સુરત રેલવે સ્ટેશન વર્લ્ડ કલાક્સ સ્ટેશન બનવા તરફ આગળ વધી રહ્યું છે. અગાઉ ૬૧ બેન્કના ૫ ટાવરને એરપોર્ટ દ્વારા એનઓસી નહીં આપતા ૩૨ માળના ૫ હજાર બનતા ટેન્ડરરને સેલેબલઈ એરિયા ઓછો મળતા કામગીરી અટકી હતી તેમાં સુધારો કરતા ૮૯૫ કરોડનો પ્રોજેક્ટનક્કી રાયો છે તે માટે આજે ટેન્ડર બહાર પડશે અને નજીકના દિવસોમાં જ ઝડપી કામગીરી શરૂ થશે. ૯૦ લાખ વર્ગ મીટર એરિયામાં બસ સ્ટેશન, સિટીબસ, બીઆરટીએસ, મેટ્રોને સાંકળતો વર્લ્ડ કલાસ રેલવે સ્ટેશન બનશે. ૧૬મી ફેબ્રુઆરીએ ઉધના- ભુસાવલ ડબલ લાઈનનું ઉદ્‌ઘાટન પ્રધાનમંત્રી ધુલીયામાંથી લીલી ઝંડી આપી કરશે. આ દિવસે ઉધનાથી નંદરબાર અને નંદરબારથી (પાલવી) (જળગાંવ) સુધી બે નવી મેમુ ટ્રેન શરૂ થવાની છે. ભુસાવલ બ્રાન્દ્રા નવી પેસેન્જર ટ્રેનને પણ લીલી ઝંડી બતાવવામાં આવશે. આ પ્રસંગે રેલ મંત્રી પીયૂષ ગોયલ ઉધના સ્ટેશન ખાતે હાજર રહેશે આ દિવસે સુરતથી પસાર થતી ૪ દુરંતો એક્સપ્રેસ માટે સ્ટોપેજ અપાય તેવી ઘોષણા થવાની શક્યતા છે.

લૂંટના ઈરાદે ફરતી ટોળકીની ધરપકડ

સુરત

વરાછા પોલીસે લૂંટારૂ ટોળકીને ઝડપી પાડી હતી. ઓટો રિક્ષા, ઘાતક શસ્ત્રો સહિત રૂપિયા ૧.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વરાછા પોલીસે લૂંટારૂ ટોળકી સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગઈકાલે રાત્રે વરાછા પોલીસે રેણુકાભવનથી જૂની બોમ્બે માર્કેટ રોડ, મહારાણા પ્રતાપ ઝૂંપડપટ્ટી પાસેથી ઈરફાન હુશેન શેખ, (ભેસ્તાન) મોહસીન ઉર્ફે લંબો ઉસ્માન શેખ (ડીંડોલી), સાહિદ અલી વાહિદઅલી સૈયદ (ભેસ્તાન) જાવીદ સલીમ ખાન (ભેસ્તાન આવાસ), એક કિશોરને ઝડપી લેતા આ લૂંટારૂ ટોળકી પાસેથી છરી, છર, લાકડાના ફટકા, પાંચ મોબાઈલ ફોન, રોકડા રૂા. ૩૫૦૦ નંબર વગરની રિક્ષા મળી કુલ્લે રૂા. ૧.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ ટોળકી ઘાડ પાડવાના ઈરાદે ફરતી હતી. વરાછા પોલીસે તમામની ધરપકડ કરી હતી. રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

સ્કોર્પિયો ગાડીમાંથી રૂા.પ.૩૭ લાખનો દારૂ પોલીસે ઝડપી પાડ્યો

કામરેજ પોલીસે બે બુટલેગરોની ધરપકડ કરી

સુરત

કામરેજ-સીમાડી ગામની સીમ ખાતેથી પસાર થતી એક સ્કોર્પિયો કારમાંથી પોલીસે બિયરની ૭૧૯૮ નંગ બોટલ, મોબાઈલ ફોન તથા સ્કોર્પિયો કાર મળી કુલ ૧૪.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બે બુટલેગરોની ધરપકડ કરી હતી. પોલીસે સાત બુટલેગરોને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના કુંભારવાડા ડ્રાઈવર કોલોની ખાતેના વતની અને હાલમાં કામરેજ ટોલનાકા ખાતે રહેતા બબલુ રાજારામ યાદવ, સંજય ઉર્ફે સુલતાન વગેરેઓ સ્કોર્પિયો કારમાં જીજે-૧૫-બીબી-૨૬૬૦ બીયરની ૭૧૯૮ નંગ બોટલ કિંમત ૬.૨૭ લાખ મુકીને પસાર થતા હતા. ત્યારે કામરેજ કોસમાડી ગામ તરફ જતા પોલીસે તેને રોકી તપાસ કરતા પોલીસે બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્કોર્પિયો કાર, મોબાઈલ ફોન અને બિયરનો જથ્થો મળી કુલ રૂા.૧૪.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે અંકિત, વીકી, સહિત સાત બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

એમેઝોનના સીઈઓએ ૨૦૧૮માં ૧૪ હજાર કરોડ રૂપિયાનું દાન કર્યું

વૉશિંગ્ટન

વિશ્વના સૌથી ધનવાન એમેઝોનના સીઈઓ જેફ બેજોસ અમેરિકાના સૌથી મોટાં દાનવીર પણ બની ગયા છે. ૨૦૧૮માં તેઓએ સમાજની ભલાઈના કામોમાં સૌથી વધુ ૧૪,૨૦૦ કરોડ રૂપિયા ડોનેટ કર્યા. યુએસની ક્રોનિકલ ઓફ ફિલાન્થ્રોપી મેગેઝીને એવા ૫૦ ધનવાનોનું લિસ્ટ જાહેર કર્યું છે જેઓએ ગત વર્ષે સૌથી વધુ ડોનેશન આપ્યું. તેમાં બેજોસ પહેલાં નંબર પર છે. ૫૦ સૌથી મોટાં દાતાઓની લિસ્ટમાં માઈક્રોસોફ્ટના ફાઉન્ડર બિલ ગેટ્સ અનેતેમની પત્ની મિલિન્ડા ગેસ્ટ ૧૨માં નંબર પર છે. ૨૦૧૮માં તેઓએ ૯૭૯.૮ કરોડ રૂપિયા દાન કર્યું હતું. જે ૨૦૧૭ની સરખામણીએ ૯૭ ટકા ઓછું છે. ૨૦૧૭માં તેઓ પહેલાં નંબર પર હતા. તેઓએ ૩૩,૯૩૮ કરોડ રૂપિયાનું ડોનેશન આપ્યું હતું. ફેસબુકના સીઈઓ માર્ક ઝકરબર્ગ અને તેમની પત્ની પ્રિસિલા ચાનના ડોનેશનમાં ૮૯ ટકા ઘટાડો થયો છે. ૨૦૧૮માં તેઓએ ૧,૫૧૯.૪ કરોડનું ડોનેશન આપ્યું. તે બીજા પરથી સીધા સાતમા નંબરે પહોંચી ગયા છે. ૨૦૧૭માં તેઓએ ૧૪,૨૦૦ કરોડ રૂપિયા ડોનેટ કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમથી સરકારી સેવાઓ ઘર આંગણે પહોંચી

સુરત

રાજય સરકાર દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૧૩-૨-૨૦૧૯ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા મેયર ડૉ. જગદીશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા ચાર તબક્કામાં ૬૦ જેટલા સેવાસેતુનું આયોજન કરી અનેક જરૂરીયાતમંદ લાભાર્થીઓને સરકાર તથા સુરત મહાનગરપાલિકાની યોજનાઓથી લાભાન્વિત કરવામાં આવેલ છે.

ચોર્યાસી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય ઝંખનાબેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા રાજય સરકાર દ્વારા યોજનાઓનો લાભ સાચા લાભાર્થી સુધી ઝડપથી તેમજ કોઈપણ જાતની અડચણ વગર પહોંચે તે માટે સેવાસેતુ કાર્યક્રમરૂપી સેતુનું નિર્માણ કર્યું છે. ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને તેના દ્વારે એક જ છત નીચે, એક જ દિવસમાં સેવા પુરી પાડી વ્યક્તિની જરૂરીયાતને સંતોષવા સાથે તેના સમય અને નાણાનો બચાવ સેવાસેતુ કાર્યક્રમ થકી થાય છે.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો કે જે મહેસૂલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી, વસૂલાત, પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આરસીએચ વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ ૧૩૨૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

એમ્બ્રોઈડરી કારખાનેદાર પાસે જોબવર્ક કરવી રૂા. ૬૩.૪૫ લાખની છેતરપિંડી

સાનીયા ફેશનના દુકાનદારે ઉઠમણું કરી ભાગી છૂટયો

સુરત

દસ જેટલા જોબકામ કરનારા પાસે રૂપિયા ૬૩.૪૫ લાખનું જોબકામ કરાવી પેમેન્ટ ચૂકવવાને બદલે દુકાન બંધ કરી સાનીયા ફેશનના માલિકોએ ઉઠમણું કર્યું હતું. સલાબતપુરા પોલીસ દલાલ સહિત ત્રણ જણાં વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા યોગીચોક આંગન રેસિડેન્સી રહેતા કાનજીભાઈ ઘુસાભાઈ હિરપરાએ આરોપી વિપુલ ઈશ્વર પટેલે, નિકુંજ (સાનીયા ફેશન, સાંઈ દર્શન માર્કેટ રિંગરોડ) તથા દલાલ સુનિલભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી કાનજીભાઈ હિરપરા સહિત ૧૦ કારખાનેદારો પાસે આરોપી વેપારીએ દલાલ મારફતે રૂા. ૬,૪૫,૯૫૦ની કિંમતનું જોબકામ કરાવ્યું હતું. સમય મર્યાદામાં પેમેન્ટ ચૂકવવાને બદલે આરોપીઓએ દુકાન બંધ કરી દઈ નાસી ગયા હતા. સલાબતપુરા પોલીસે વિશ્વાસઘાત-છેતરપિંડીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ખોજ કરવા જીજેઈપીસી દ્વારા કવાયત

જેમ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રીઝની ઉજ્જવળ કારકિર્દી અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન

સુરત

એક સમયે બંધ ઓરડીમાં કામ કરતા રત્નકલાકારોની ઈમેજ ધરાવતી જેમ જ્વેલરી ઈન્ડસ્ટ્રી અદ્યતન ટેક્નોલોજી સાથે નવા રંગરૂપ ધારણ કરી ચૂકી છે. આમ છતાં આ ઈન્ડસ્ટ્રીથી તાલીમબદ્ધ અને અભ્યાસુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દૂર રહેતા હોવાની વિગતો સામે આવી છે. આ તબક્કે જેમ જ્વેલરી ઈન્ડસ્ટ્રી સામે ચાલીને વિદ્યાર્થીઓ પાસે પહોંચવા અને આ ક્ષેત્રમાં રહેલી ઉચ્ચ કારકિર્દીની વિગતો આપવાનું નક્કી કર્યું છે.

જીજેઈપીસીના રિજિયન ચેરમેન દિનેશ નાવડીયાએ જણાવ્યું હતું કે, જીજેઈપીસી દ્વારા ઉદ્યોગ અને વિદ્યાર્થીઓ વચ્ચે સેતુ બનવા પ્રતિભા કાર્યક્રમનું આયોજન કર્યું છે. જે કાર્યક્રમ હેઠળ જીજેઈપીસી રાજ્યભરની વિવિધ કોલેજો શાળાઓમાં જઈ જેમ જ્વેલરી ક્ષેત્રમાં રહેલી કારકિર્દીની તક અંગે માહિતી આપશે. બાદમાં વિવિધ કંપનીઓ સાથે મળી કેમ્પસ ઈન્ટરવ્યુ સહિતના કાર્યક્રમ પણ યોજવામાં આવશે. હાલમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સાથેના આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ૧૫ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ કલાકે સ્કેટ કોલેજ ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સમક્ષ વિગતો રજૂ કરાશે. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેરમેન સી.એસ. જરીવાલાએ જણાવ્યું હતું કે, ઘણાં ક્ષેત્રોમાં સારી કારકિર્દીની તક રહેલી હોય છે, જેની વિદ્યાર્થીઓની માહિતી હોતી નથી. આ પ્રકારના કાર્યક્રમથી ઉદ્યોગ અને વિદ્યાર્થી બંનેને લાભ થશે.







દીક્ષા દાનેશ્વરી તરીકે ઉભરી આવેલી સુરત નગરના કૈલાશનગર જૈન સંઘમાં આજે સવારે વધુ આઠ મુમુક્ષાઓએ સાંસારીક જીવનનો ત્યાગ કરી સંયમના પ્રંથે પ્રયાણ કર્યુ હતું. ઉક્ત તસ્વીરમાં દીક્ષા ગ્રહણ કરનાર ૮ જૈન મુનિઓ તસ્વીરમાં નજરે પડે છે.

કૈલાશનગર જૈન સંઘમાં સુરતના ૩ સહિત ૮ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરી

દીક્ષા દાનેશ્વરી તરીકે પ્રસ્થાપિત થયેલા સુરતમાં વધુ આઠ લોકોએ સાંસારીક જીવનનો ત્યાગ કરી સંયમના પંથે પ્રયાણ કર્યું

સુરત

દીક્ષા દાનેશ્વરી પૂ. આચાર્ય ગુણરત્નસૂરિ મ.સા. આ. રવિરત્ન સૂરિ મ.સા., આ. રશ્મિરત્ન સૂરિ મ.સા., આ.સંયમ રત્ન સૂરિ મ.સા, આ.મુનિશરત્ન સૂરિ મ.સા. આદિ ૩૦૦ સાધુ સાધ્વીજી મ.ની શુભ નિશ્રામાં કૈલાશનગર જૈન સંઘમાં દીક્ષા દાનેશ્વરી પૂ. આચાર્ય ગુણરત્ન સૂરિજી મ.સા. ૮-૮ મુમુક્ષુઓને સૂરિમંત્રનો મંત્ર બોલીને કરેહ કરીને એક પછી એક એમ આઠે મુમુક્ષુઓને રજોહરણ ઓધો અર્પણ કર્યું ત્યારે આઠે આઠ મુમુક્ષુઓ ભાવપૂર્વક પ્રભુ સમક્ષ મન મુકીને નાચી ઉઠ્યા, જેમ પક્ષી પિંજરામાંથી છુટીને ગગન તરફ પ્રયાણ કરે, કેદી જેલમાંથી છુટી આનંદ માણી ઘરે પહોંચે તેમ આઠે આઠ દીક્ષાર્થીઓને રજોહરણ મળતાં જ સ્વ આત્મામાં આનંદ માણ્યો.

ત્યારે મંડપમાં રહેલા સુરત શહેરના અને બહારગામથી પધારેલા હજારો નર નારીઓ એ હર્ષના આંસુ સરિત આનંદ માણ્યો.

ત્યાર પછી આઠે નૂતન દીક્ષાર્થીઓ ચંદનબાળા સાધ્વીજીનો વેશ ધારણ કરીને રંગ મંડપમાં પધાર્યા ત્યારે હજારો લોકોને તાળીઓના ગડગડાટથી સંયમ ધર્મના નારા બોલતા બોલતા આઠે દીક્ષાર્થીઓને સન્માનપૂર્વક ભાવથી અક્ષતથી વધાવ્યા તે સમયનું વાતાવરણ દેવોને પણ દુર્લભ જેવું લાગ્યું.

પછી વેશ પરિવર્તન કરી આવેલ આઠે સાધ્વીજી ભગવંતોને સાધુ ધર્મની ક્રિયા કરાવીને કેશ લુંચનની વિધિ કરી. કેશ લુંચન એટલે માથાના મધ્ય ભાગે રહેલ વાળ લેવાની વિધિ તે વાળ દિક્ષાર્થીઓના સ્નેહીઓને આપવામાં આવ્યા. અને પૂજય આચાર્ય ભગવંતે મુમુક્ષુઓને સંયમ જીવનના નવા નામોથી નવાજ્યા.

૧. કુ. મીંજલ બન્યા પૂ. સાધ્વી શ્રી મોક્ષદર્શી રેખા શ્રીજી મ.સા., ૨. કુ. સ્વીટી બન્યા પૂ. સાધ્વી શ્રી જ્ઞાનાનત્મ રેખાશ્રીજી મ.સા., ૩. કુ. પૂજા બન્યા પૂ. શ્રી પુષ્યસ્વી રેખાશ્રીજી મ.સા., ૪. કુ. ખુશી બન્યા પૂ. શ્રી જિનાત્મ રેખાશ્રીજી મ.સા., ૫. કુ.ધ્રુવી બન્યા પૂ. સાધ્વી શ્રી. ધ્યાનરુચિ રેખા શ્રીજી મ.સા., ૬. કુ.પૂજા બન્યા પૂ. સાધ્વી શ્રી પરમવીર રેખાશ્રીજી મ.સા., ૭. કુ. સ્નેહી બન્યા પૂ. સાધ્વી શ્રી યોગદષ્ટિ રેખાશ્રીજી મ.સા., ૮. કુ. મહેક બન્યા પૂ. શ્રી મોક્ષરુચિ રેખાશ્રીજી મ.સા. ત્યારે પૂ.આચાર્ય ગુણરત્નસૂરિજી, આ. રવિરત્ન સૂરિજી, આ.રશ્મિરત્ન સૂરિજીએ નવ દીક્ષીતોને રિતશિક્ષા ફરમાવતા જણાવ્યું કે સંયમમાં વપરાશના પાત્રા, તરપણી આદિ ઉપકરણો ફેરફાર થઈ શકશે પણ નૂતન દીક્ષીતોના નામ અમર રહેશે. સુરત શહેરની દીક્ષા નગરીમાં આ દીક્ષા મહોત્સવ ચિર સ્મરણ્ય બની રહેશે.

ઉન આઈટીઆઈમાં તમાકુથી થતા નુકસાન અંગે માર્ગદર્શન અપાયું

ફેઈશ ફાઉન્ડેશન દ્વારા વ્યસન મુક્તિ અભિયાન

નવસારી

નવસારી જિલ્લા ખાતે આવેલ ઉન ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં તમાકુ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઇ.ટી.આઇ.ના ૨૦૦ તાલીમાર્થીઓને જીલ્લા તમાકુ નિયંત્રણ સેલના નોડલ ઓફિસર ડૉ.એમ.આર. ડેલીવાલા ધ્વારા તમાકુ તેમજ તમાકુની બનાવટથી થતા નુકશાન વિશે તેમજ તેનાથી કેન્સર નેવા ઘાતક રોગો વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. જિલ્લા પંચાયતના શ્રીમતી બિજલ ટંડેલે વ્યસનમુકિત અંગે વિદ્યાર્થીઓને તમાકુથી થતા શારિરીક, આર્થિક, માનસિક અને સામાજિક નુકશાન વિશે માહિતી આપવામાં આવી હતી.

ફેઈથ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે યલો લાઈન કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ cotpa-2003 sec-6(b) નું અમલીકરણ સખત રીતે કરવામાં આવે તેમજ વિદ્યાર્થી અને શિક્ષકોમાં તમાકુંનું સેવનથી નુકશાન તથા કાયદા અંગે સમજણ આપવાનું હતું. શાળાની ૧૦૦ વર ત્રિજયામાં ચલો લાઈન દોરીને cotpa-2003 sec-6(b) નું અમલીકરણ કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા આઇ.ટી.આઇ.ના આચાર્યશ્રી અને સમગ્ર સ્ટાફ ધ્વારા કામગીરી કરવામાં આવી હતી.

ભેસ્તાન આવાસમાં માર્જીનમાં બનેલી કેબીનો તોડી પડાઈ

સુરત

સાઉથ ઝોન ઉધનામાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૫૪ ભેસ્તાન ફાયનલ પ્લોટ નં.૧/એ સ્થિત એચ-૧૫ ભેસ્તાન આવાસને લાગુ ટી.પી. રસ્તાની ફુટપાથ પર તેમજ આવાસની ફરતે માર્જીનની જગ્યાઓમાં તથા આંતરિક રસ્તાઓ પર સ્થાનિકો દ્વારા પતરાની દુકાનો, પ્લાય તથા બાંબુની કેબીનો તેમજ લોખંડની એંગલોની કેબીનો બનાવી દબાણો કરવામાં આવેલ. સદર બાબતે અત્રેથી પોલીસ બંદોબસ્ત મેળવી ભેસ્તાન આવાસના આંતરિક રસ્તાઓ તથા માર્જીનમાં તેમજ લાગુ ટી.પી. રસ્તા પરથી આશરે ૨૦ થી ૨૫ નંગ જેટલી લોખંડની તથા પતરાની અને બાંબુની કેબીનોનું દબાણ દૂર કરી આશરે ૭૦૦૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

દિલ્હીની ઠગ ટોળકી દ્વારા સુરતના વેપારી સાથે લાખોની છેતરપિંડી

માલ મંગાવી રૂા. ૨૧.૬૧ નહીં ચૂકવતા પોલીસ ફરિયાદ

સુરત

દિલ્હીની ઠગ ટોળકીએ સુરતના સાડી વેપારી સાથે રૂપિયા ૨૧.૬૧ લાખની ઠગાઈ કરી હોવાની રિયાદ સલાબતપુરા પોલીસ મથકે નોંધાઈ હતી. સલાબતપુરા પોલી સૂત્રોના જણાવ્યા મુજબ મોટા વરાછા રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતા મહિપતભાઈ ધનજીભાઈ પટેલે આરોપી રાહી જૈન, આરતી શર્મા, આશિષસિંગ રાઠોડ, અમરતસિંગ રાઠોડ, અમન ખેરી (અર્નિત રીટેઈલ ન્યૂ દિલ્હી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. રિયાદમાંજણાવ્યા મુજબ આરોપીઓએ એકબીજાની મદદગારીથી ઈન્ડીયા રસ નામની ઓનલાઈન સાઈટ ઉપર ફરિયાદી પાસેથી ગ્રાહકોને માલ આપવા માટે સાડીનો જથ્થો મંગાવી બાકી પેમેન્ટ રૂા. ૨૯.૬૧.૯૭૪ આજદિન નહીં ચૂકવી ખોટા વાયદાઓ કરી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. બનાવ અંગે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કપરાડાના કોઠાર ગામ પાસે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં ત્રણ લોકોના મોત

ફુલ સ્પીડમાં દોડતી બંને બાઈકો સામસામે આવી જતા ગંભીર અકસ્માત સર્જાયો

સુરત

વલસાડના કપરાડા ના કોઠાર ગામે બે બાઈક વચ્ચે અકસ્માત થતા ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. બંને બાઈક ટકરાઈને રોડની સાઈડમાં ચોકડીમાં જઈ પડ્યા હતા. જે રીતે ત્રણ લોકોના મોત થયા તે જોતા સ્થાનિકોનું કહેવું છે કે, ખુબ સ્પીડમાં બંને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટના વલસાડમાં બની હતી. બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા ત્રણ લોકોના ઘટના સ્થળ પર જ મોત થયા છે, જ્યારે એકની હાલત ગંભીર છે જેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.આ અકસ્મતાના કારણે રોડ પર મોટી સંખ્યામાં વાહનોની લાઈન લાગી હતી. ટ્રાફિકની લાઈન લાગતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.ઘટનાની જાણ પોલીસને અને ૧૦૮ને કરવામાં આવતા પોલીસ તથા બચાવ ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. જોકે, પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર વલસાડ જીલ્લાના કપરાડાના કોઠાર ગામ પાસે બે બાઈક વચ્ચે ગઈકાલે મોડી સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટના સ્થળ પર જ મોત નિપજ્યા છે. જ્યારે એકની હાલત ગંભીર હોવાથી તેને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. અકસ્માત એટલો ગંભીર હતો કે, બંને બાઈક ટકરાઈને રોડની સાઈડમાં ચોકડીમાં જઈ પડ્યા. જે રીતે ત્રણ લોકોના મોત થયા તે જોતા સ્થાનિકોનું કહેવું છે કે, ખુબ સ્પીડમાં બંને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ પોલીસને અને ૧૦૮ને કરવામાં આવતા પોલીસ તથા બચાવ ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. મેઈન રસ્તા પર અકસ્માત સર્જાતા ટ્રાફિક જામ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી, જોકે,ઘટનાની જાણ પોલીસને અને ૧૦૮ને કરવામાં આવતા પોલીસ તથા બચાવ ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. મેઈન રસ્તા પર અકસ્માત સર્જાતા ટ્રાફિક જામ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી, જોકે, પોલીસે સ્થળ પર પહોંચી મામલો સંભાળી લીધો છે અને અકસ્માત કેવી રીતે સર્જાયો, ભોગ બનાનાર યુવકો ક્યાંના હતા, તે મુદ્દે વધુ તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કૃષિ મહોત્સવના કારણે બાગાયતી પાકોના વાવેતરમાં નોંધપાત્ર વધારો

બાગાયત ક્ષેત્રે નવા સોપાનો સર કરતો સુરત જિલ્લો

સુરત

રાજય સરકારની સકારાત્મક નીતિ કારણે કૃષિક્ષેત્રે આમૂલ પરિવર્તનો આવ્યા છે. ખેડૂતો માટે અનેકવિધ યોજનાઓના પરિણામે સમયની સાથે ખેડૂતો પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને વર્ષમાં ત્રણથી પાકો લેતા થયા છે. સુરત જિલ્લાએ બાગાયત ક્ષેત્રો છેલ્લા વર્ષોમાં ગ્રીન હાઉસ, નેટ હાઉસ, ટપક સિંચાઈ પધ્ધતિ, પ્લાસ્ટિક મલ્ચીંગ જેવી અનેક પધ્ધતિઓ અપનાવીને નવા સિમા ચિન્હો સર કર્યા છે. આજે જિલ્લામાં ફળ પાકોનો વાવેતર વિસ્તાર ૨૨,૦૨૦ હેકટર અને શાકભાજી પાકોનો વાવેતર વિસ્તાર ૩૭,૩૬૯ હેકટર મળી કુલ મળી આશરે ૫૭,૩૮૯ હે. વિસ્તાર થયો છે.

જિલ્લામાં મુખ્યત્વે ફળ પાકોની વાત કરીએ તો કેળ, આંબા, પપૈયા ની ખેતી તેમજ શાકભાજી પાકોમાં વેલાવાળા શાકભાજી જેવા કે પરવળ ટિંડોળા, દુધી, ગલકા તેમજ ભીંડા, મરચી, ગુવાર, રીંગણ વગેરેની સારામાં સારી ખેતી કરીને કેળ, કેરી અને ભીંડા જેવા શાકભાજીઓની નિકાસ કરતા પણ થયા છે.

રાજય સરકાર દ્વારા દર વર્ષે યોજાતા કૃષિ મહોત્સવના પરિણામે ૧૦ વર્ષ પહેલા કેળની ૨૦-૨૨ કિલોની લુમ થતી જયારે આજે આધુનિક ટેકનોલોજીની મદદથી ૩૦-૩૨ કિલોની લુમ પાકે છે. દરેક બાગાયતી પાકોની ઉત્પાદકતામાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થયો છે. રાજયમાં કેળ, ભીંડા અને પરવળની ખેતીમા મોખરાનુ સ્થાન ધરાવે છે. ૨૦૧૭-૧૮ના વર્ષમાં બાગાયત વિભાગની વિવિધ યોજનાઓમાં ૨૮૯૫ લાભાર્થીઓને કુલ રૂા. ૭૨૭ લાખ ની સાધન સહાય રાજય સરકારના બાગાયત વિભાગ દ્વારા ખેડુતોના ખાતામાં સીધી ઈ્ય્જી થી જમા કરવામાં આવી છે. જેમાં શાકભાજીના મંડપ ઉચા કરવા માટે ૭૬૨ ખેડૂતોને રૂા.૮૮.૯૩ લાખ, બિયારણ ખરીદવા માટે ૩૮૭ લાભાર્થીઓને રૂા.૩૯.૩૭ લાખ તેમજ કેળ, આંબા અને અન્ય ફળ પાકોના વાવેતર માટે ૧૦૨૪ લાભાર્થીઓને રૂા.૧૮૪.૬૩ લાખની સહાય આપવામાં આવી છે. વર્તમાન વર્ષે ૨૦૧૮-૧૯ દરમ્યાન બાગાયત ખાતા મારફતે ફળ-ફુલ અને શાકભાજી ની ખેતી માટે વિવિધ ઘટકોમા જિલ્લાના ૨૫૨૩ ખેડુત મિત્રોને રૂા.૪૭૬ લાખની સહાય એનાયત કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ફેરફાર દિવસે ઉનાળા જેવા તાપ અને રાત્રે ઠંડી

નવસારી-વલસાડમાં ૧૪ અને સુરતમાં ૨૦ ડીગ્રી તાપમાન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે તાપમાનમાં ૧ ડીગ્રીનો ઘટાડો થયો છતાં પણ દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. સુરતમાં એક ડિગ્રી તાપમાન વધ્યુ છે જ્યારે નવસારી અને વલસાડમાં એક એક ડીગ્રી તાપમાન ઘટ્યું છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૪.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૦.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે સુરતમાં ૧ ડિગ્રી તાપમાન ઘટ્યું છે. નવસારીમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૫ ડીગ્રી નોંધાયું હતું. આમ સમગ્ર દક્ષિણ ગુજરતના વાતાવરણમાં આજે એક ડીગ્રીનો વધારો ઘટાડો નોંધાયો છે. દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
24 acres of sheer luxury
SILVASSA
Treat Water Park
A mind-blowing leisure spot!
- 24 Acres Landscaped Gardens
- 194 Luxurious Rooms • Water Park
- Colorful Fountains • Wellness Spa
- Cricket/ Football Indoor Games
- Entertainment Programs
- 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.

:SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
- સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
- વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
- લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
- સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
- લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
- સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
- લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
- એક્સકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
- હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
- શેતરંજી + આસન

શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૬-૨૪૨૫૧૦૨

કર્મયોગી ડૉ.ધવલ પટેલના નેજા હેઠળની તબીબી સારવાર ત્રિપૂટીની ફરજ પરસ્તી

માનવતા અને સંવેદનાએ બોરીદ્રા ગામની જયશ્રીને બક્ષ્યું નવજીવન : ૩૫ થી ૪૦ ટકા દાઝી ગયેલી દિકરીને ઘેરબેઠા સઘન સારવાર મળવાને લીધે ધો- ૬ ના અભ્યાસ સાથે ઉજ્જવળ ભવિષ્ય તરફ જયશ્રીની આગેકૂચ : રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમે જયશ્રીના જીવનમાં પાથર્યો ઉજાસ



રાજપીપળા:નર્મદા જિલ્લામાં રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળના મેડીકલ ઓફિસર ડૉ.ધવલ પટેલની આ ટૂકડીની અંદાજે ૩૫ થી ૪૦ ટકા દાઝી થયેલી એક દિકરીની ઘનિષ્ઠ સાવવાર માટેની સંકલ્પબધ્ધતા આજે એ દિકરીને નવજીવન બક્ષ્યું છે અને "બેટી બચાવો – બેટી પઢાઓ" ની વાતને સાચા અર્થમાં સાર્થક કરી છે.

આ વાત નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના અતિ દુર્ગમ એવા ડુંગરાળ વિસ્તારના બોરીદ્રા ગામની છે.ગત ડિસેમ્બર ૨૦૧૭ માં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત બોરીદ્રા ગામની પ્રાથમિક શાળામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમિયાન મોબાઇલ આરોગ્ય ટૂકડીનાં શાળાના શિક્ષક સાથેના સંવાદમાં ધો- ૫ માં અભ્યાસ કરતી જયશ્રી રાજેશ વસાવાની લગભગ એક મહિના જેટલી લાંબી ગેરહાજરી જણાઇ આવી હતી,જેથી ઈમ્જીદ્ધ ટીમના સભ્ય ડૉ.ધવલ પટેલના નેજા હેઠળ ડૉ.અવની રજાત અને નર્સ તરીકે સેવા આપનાર દિપાબેન વસાવાની ટૂકડીએ જયશ્રીના ઘરની મુલાકાત લીધી હતી,જેમાં જયશ્રી તાપણું કરતા ચૂલા પાસે જ સૂઇ ગઇ હતી અને તે દરમિયાન જયશ્રીના પહેરેલા કપડાનો એક ભાગ સળગવાનું ચાલુ થયુ અને છેલ્લે જયશ્રીનું આખુ શરીર આગની લપેટમાં આવી જવાથી ગંભીર રીતે તે દાઝી ગઇ હોવાની ઘટના પ્રકાશમાં આવી.જયશ્રીના પિતાએ રાજપીપળા સરકારી દવાખાને લઇ જતા તુરત જ તેને પ્રાથમિક સારવાર અપાઇ હતી.સાથે સાથે ધનિષ્ઠ સારવારની જરૂર હોવાની ડોક્ટરોની ટુકડીએ જયશ્રીના પરિવારને સમજ અપાઇ હતી.

તેમ છતાં રાજેશભાઈએ પોતાની દીકરીને લઈ ભગવાન ભરોસે પોતાના ઘરે બોરીદ્રા પરત ફર્યા હતાં અને ઘરમાં છાણ તેમજ જ દેશી દવાનો ભેગી કરેલો લેપ લગાડવાનું ચાલુ કર્યું હતું.રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્યની આરોગ્ય ટૂકડીએ જયશ્રીના ઘરે જ્યારે સારવારની શરૂઆત કરી,ત્યારે દાઝેલા ભાગ ઉપર છાણ-દેશી દવાનો ઉપચારને લીધે તે પડ સુકાઈને એકદમ કડક થઈ ગયું હતું.આ પડને સાફ કરીને નિકાળતાં જ તેમને ચારેક કલાક લાગ્યાં હતાં.આ આરોગ્ય ટૂકડીએ તા.૨૦ મી ડિસેમ્બર,૨૦૧૭ થી તા.૨૫ મે,૨૦૧૮ ના આશરે છ માસના સમયગાળા દરમિયાન જયશ્રીના ઘરે ડ્રેસીંગની સઘન સારવાર પુરી પાડતા એને નવજીવન પ્રાપ્ત થયું હતું.આમ,આ કિસ્સાએ સરકારની "બેટી બચાવો– બેટી પઢાઓ" ની વાતને સાચા અર્થમાં સાર્થક કરી છે.

ડેડીયાપાડાના ઝાક ગામમાં બીજી પત્ની લાવવાના સપના જોતા પતિદેવે હયાત પત્નીને માર મારતા ફરિયાદ

રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ઝાક ગામમાં રહેતા રમેશ કાલીયા વસાવાએ પોતાની પત્ની સુનીતાને માર મારી કહ્યું કે તુ તારા ઘરે ચાલી જા મારે બીજી પત્ની લાવવાની છે તેમ કહી ગાળો આપી લાકડાના ફટકાથી માર મારી ઈજાઓ કરતા સુનીતાએ આ બાબતે ડેડીયાપાડા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે પતિ રમેશ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.

ઉધનામાં ઝઘડાની અદાવતમાં ઘાતક હથિયારો વડે હુમલો

સાળા પર પ્રાણઘાતક હુમલો કરાતા બનેવીની ફરિયાદ

સુરત

અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ઉધના હેગડેવાર વસાહત ખાતે રીક્ષા ચાલકના સાળા જોડે પ્રાણઘાતક હથિયારો સાથે ઝઘડો કરી ભયનું વાતાવરણ ઉભું કરી ત્રણ ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઉધના પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે રાયોટિંગનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના હેગડેવાર વસાહત ખાતે વિશાલ ગણપત પવાર રહે છે. તેઓ રિક્ષા ચાલક છે. તેમના સાળા ગણેશનો અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ઉધના પટેલ નગર ખાતે રહેતા પ્રતિક ત્રિવેદી નેપાલી તથા સુનીલ નામના ત્રણ ઈસમોએ પ્રાણઘાતક હથિયારો સાથે ધસી આવી ગણેશ સાથે ઝઘડો કરી ભયનું વાતાવરણ ઊભું કરી ફરાર થઈ ગયા હતા. ગણેશના બનેવી વિશાલ પવારે ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાયોટિંગનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આપઘાત કરનાર પત્નીના પ્રેમી વિરુદ્ધ પતિની ફરિયાદ

શારીરિક શોષણ બાદ લગ્નની ના પાડતા પરિણીતાએ આપઘાત કર્યો

સુરત

પત્ની જોડે પ્રેમ સંબંધ બાંધી શારીરિક સંબંધ રાખ્યા બાદ લગ્ન કરવાની ના પાડતા પત્નીએ આત્મહત્યા કરી લીધાની ઘટનામાં પતિએ પત્નીના પ્રેમી વિરુદ્ધ પાંડેસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યચા મુજબ ફરિયાદીની પત્ની સાથે આરોપી વિમલ ઉર્ફે વિક્કી રમેશ રાણા (રહે. રામેશ્વર નગર ભાઠેના) સાથે છેલ્લા માસથી પ્રેમ સંબંધો હતા. અને લગ્ન કરવાની લાલચ આપી શારીરિક શોષણ કરતો હતો. ત્યારબાદ આરોપીએ લગ્ન કરવાની ના પાડતા ફરિયાદીની પત્નીએ સ્યુસાઈટ નોટ લખી ગત તા. ૫/૨/૧૯ની રોજ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના સંદર્ભે મૃતક મહિલાના પતિની પાંડેસરા પોલીસ ફરિયાદ નોંધી આરોપી વિમલ ઉર્ફે વિક્કી રમેશ રાણા વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

પોતાની માંગો મુદ્દે લોકસભા ચૂંટણી બહિષ્કારની નર્મદા જિલ્લા આમુ સંગઠનની ચીમકી

નર્મદા જિલ્લાના ૩૧૪ ગામોને ગ્રામપંચાયતનો દરજ્જો આપવા આદિવાસી મૂળ નિવાસી સંગઠને ગુજરાતના મુખ્યમંત્રીને રજુઆત કરી હતી,

ચૂંટણીના દિવસે નર્મદા કલેક્ટર કચેરી સામે ઉપવાસ પર બેસવાની જાહેરાત. નર્મદા જિલ્લામાં ભારતીય બંધારણ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈનું ઉલ્લંઘન બે અથવા બે થી વધુ સંયુક્ત ગામોની ગ્રુપ ગ્રામપંચાયતની રચના કરવામાં આવી હોવાનો આક્ષેપ.

રાજપીપળા : ભારતના બંધારણ અને ગુજરાત પંચાયત ધારો ૧૯૯૩ મુજબ નર્મદા જિલ્લાના ૩૧૪ ગામોને ગ્રામ પંચાયતનો દરજ્જો આપવા નર્મદા જિલ્લા આદિવાસી મૂળ નિવાસી સંગઠને ગુજરાતના મુખ્યમંત્રી, રાજ્યપાલ, પંચાયત ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી સહિત ઉચ્ચ અકિારીઓને સંબોધતુ આવેદનપત્ર અગાઉ નર્મદા જિલ્લા કલેકટરને સુપ્રત કર્યું હતું.જોકે મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની લેખિત બાંહેધરી આદિવાસી મૂળ નિવાસી સંગઠને અપાઈ તો છે.આગામી એપ્રિલ મહિના ૨૦૧૯ લોકસભાની ચૂંટણી આવે છે એ પેહલા પોતાની માંગો પુરી કરવા નર્મદા જિલ્લા આદિવાસી મૂળ નિવાસી સંગઠન પ્રમુખે સરકારને અલ્ટીમેટમ આપ્યું છે. નર્મદા જિલ્લા આદિવાસી મૂળ નિવાસી સંગઠન પ્રમુખ મહેશ સરાધ વસાવાએ જણાવ્યું હતું કે જો ૨૦૧૯ લોકસભા ચૂંટણી પેહલા અમારી મૂળભૂત માંગો પુરી નહિ કરાય તો અમે ચૂંટણીનો બહિષ્કાર કરીશું,નર્મદા જિલ્લાના મોટી સંખ્યામાં આદિવાસીઓ મતદાન કરવા નહિ જાય.લોકસભા ચૂંટણીના દિવસે અમારા સંગઠનના હોદ્દેદારો અને જિલ્લાના મોટી સંખ્યામાં કાર્યકરો નર્મદા જિલ્લા કલેકટર કચેરી સામે ઉપવાસ પર બેસી જશે.આ બાબતે અમે અમારી રણનીતિ બનાવવાની પણ ચાલુ કરી દીધી છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે એક બાજુ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટને લઈને સ્થાનિક આદિવાસીઓનો વિરોધ કરી રહ્યા છે ત્યારે આદિવાસીઓના સંગઠને ગ્રામ પંચાયતના દરજ્જા મામલે વિરોધ નોંધાવતા સરકાર માટે આ બન્ને પ્રશ્નો સામી ચૂંટણીએ માથાનો દુખાવો સાબિત થશે.

રાહુલના રેલીમાં કોંગ્રેસના ધારાસભ્ય ભૂલ્યા ભાન, ભાજપને અપશબ્દો કહ્યા

ધરમપુર

લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી દક્ષિણ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓ હેલિકોપ્ટર મારફતે સુરતથી ધરમપુર પહોંચ્યા હતા. અને જન આક્રોશ રેલીમાં ઉપસ્થિત રહીયા છે. ત્યારે ડાંગ જિલ્લાના ધારાસભ્યનું એક વિવાદીત નિવેદન સામે આવ્યું છે. મંગળ ગાવીત પોતાનું ઉદ્ધબોધન કરી રહ્યા હતા. અને ભાજપ સરકાર પર પ્રહાર કરી રહ્યા હતા. દરમિયાન તે એવું બોલી ગયા કે ભાજપના ભડવા નેતાઓ છે. પહેલા મંગળ ગાવીતે કહ્યું કે આદિવાસીઓની જમીન લેવાની ભાજપ સરકાર પુરી કોશિશ કરી રહી છે. સાથે કહ્યું કે આ કોંગ્રેસની રેલી નથી પણ રેલો છે. તો ભાજપને ચેતવણી આપતા આપતા ધારાસભ્ય બોલી ગયા કે ભાજપનાપ.ચેતી જજો. મહત્વનું છે કે લાલડુંગરી ખાતેના મેદાથી ગુજરાતમાં ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફૂંકશે. રાહુલ ગાંધીની રેલીને સફળ બનાવવા માટે ગુજરાત કોંગ્રેસે તમામ પ્રયાસો કર્યા છે.

